CMYK CMYK

RNI NO GUJ/GUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

RAJKOT
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા    ૭,મો માળ, પ્રમુખ સ્વામી આર્કેડ, માલવીયા ચોક, રાજકોટ ફોન (૦૨૮૧) ૨૨૪૧૨૩૪

● સંવત ૨૦૮૦ ચૈત્ર સુદ - ૩    ગુરૂવાર, તા.૧૧-૦૪-૨૦૨૪    અંક : ૨૫૩ વર્ષ : ૧૮    email :rajkot@aaspassindia.com    કિંમત રૂ. ૨-૫૦    પાના - ૮

# એલન મસ્ક આવી રહ્યા છે મોદીને મળવા

**આ મહિનાના અંતિમ સપ્તાહમાં ગોઠવાઈ રહ્યો છે ભારતનો પ્રવાસ**

નવીદિલ્હી,
ટેસ્લાના માલિક એલન મસ્ક આ મહિનાના અંતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળવા માટે ભારત આવવાની યોજના બનાવી રહ્યા છે, જે દરમિયાન ભારતમાં રોકાણ અને એક નવી ફેક્ટ્રી ખોલવાની પોતાની યોજના સંબંધિત વાત થવાની આશા છે. રૉયટર્સના રિપોર્ટમાં કહેવાયું છે કે, ૨૨ એપ્રિલથી શરૂ થનારા અઠવાડિયામાં એલન મસ્ક ભારત પ્રવાસે રહેશે. નવી દિલ્હીમાં એલન મસ્ક ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી શકે છે. રિપોર્ટમાં કહેવાયું છે કે, જો એવું થાય છે તો પહેલીવાર એલન મસ્ક ભારત આવશે. એલન મસ્ક પોતાની ભારત યાત્રાની ટુંક સમયમાં જ જાહેરાત કરશે. માનવામાં આવી રહ્યું છે કે, ભારત પ્રવાસ દરમિયાન



એલન મસ્ક પોતાના ઈન્વેસ્ટમેન્ટ પ્લાન અને ભારતમાં ઈલેક્ટ્રિક કારના પ્લાન્ટને લઈને એલાન કરી શકે છે. ભારતીય ગ્રાહક ટેસ્લા કારની રાહ જોઈ રહ્યા છે.

### પ્લાન્ટ માટે જગ્યાની શોધમાં ટેસ્લા

ટેસ્લાના અધિકારીઓ આ મહિના ભારત આવવાની આશા છે જેથી તેઓ ટેસ્લા પ્લાન્ટ માટે એક જગ્યા જોઈ શકે. જોકે હવે એલન મસ્ક ખુદ આવવાની વાત સામે આવી છે. તેવામાં આ પ્લાન્ટ માટે લગભગ ૨ બિલિયન ડોલરના રોકાણનું એલાન થઈ શકે છે. ગત વર્ષ જૂનમાં જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાની યાત્રા પર ગયા હતા, ત્યારે તેમણે એલન મસ્ક સાથે મુલાકાત કરી હતી. ત્યાં ટેસ્લા કંપનીની તરફથી કહેવાયું હતું કે તેઓ ૨૪૦૦૦ ડોલરની કિંમત વાળી ઈવીનું ઉત્પાદન કરવા માટે ભારતમાં એક પ્લાન્ટ શરૂ કરવા માટે રસ ધરાવે છે.

## ૧૯મીથી પીએમ મોદી ગુજરાતમાં, જાહેર સભા અને શહેરી વિસ્તારમાં રોડ શો

અમદાવાદ,તા.૧૦
ગુજરાતની ૨૬ બેઠકો સહીત વિવિધ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશની કુલ ૯૪ બેઠક માટે આગામી ૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી યોજાશે. લોકસભાની ચૂંટણીના સાત પૈકી ત્રીજા તબક્કામાં ગુજરાતમાં ચૂંટણી યોજાનાર છે. લોકસભાની ચૂંટણીમાં ગુજરાતના પનોતા પૂત્ર અને લોકલાડીલા નેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાઓ અને રોડ શોનું આયોજન ભાજપે ઘડી કાઢ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના ચાર ઝોનમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર કરશે.

વડાપ્રધાનના ચૂંટણી પ્રચાર અંગે મળતી માહિતી અનુસાર, ૧૯મી એપ્રિલ બાદ મોદી ગુજરાતમાં જાહેરસભાઓ અને રોડ શો કરશે.

## ઈઝરાયેલના હવાઈ હુમલામાં હમાસ ચીફ હાનિયાના પુત્રો અને પૌત્રોના મોત

### હાનિયાએ કહ્યું કે તેના પુત્રો જેરુસલેમ અને અલ-અક્સા મસ્જિદને મુક્ત કરવાના માર્ગમાં માર્યા ગયા હતા

હમાસ,
ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ગયા વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. ઑક્ટોબરની શરૂઆતમાં હમાસ દ્વારા કરવામાં આવેલા અચાનક હુમલામાં ઘણા ઈઝરાયલી લોકોએ જીવ ગુમાવ્યા હતા, ત્યારબાદ ઈઝરાયેલે બદલો લેવાનું શરૂ કર્યું હતું. હમાસના ટોચના નેતા ઈસ્માઈલ હાનિયાના ત્રણ પુત્રો ઈઝરાયેલના હવાઈ હુમલામાં માર્યા ગયા છે. આ ઉપરાંત તેના બે પૌત્રોની પણ હત્યા કરવામાં આવી છે. તેમના ત્રણ પુત્રો કારમાં મુસાફરી કરી રહ્યા હતા ત્યારે આ હુમલો થયો હતો.

હાનિયાએ બુધવારે અલ-જઝીરા સેટેલાઈટ ચેનલ સાથેની મુલાકાતમાં મૃત્યુની પુષ્ટિ કરી હતી અને કહ્યું હતું કે તેના પુત્રો જેરુસલેમ અને અલ-અક્સા મસ્જિદની મુક્તિમાં માર્યા ગયા હતા. હાનિયાએ ફોન ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે "દુશ્મન બદલો લેવાની અને હત્યાકાંડની ભાવના સાથે આગળ વધી રહ્યો છે.

## ED નેશનલ હેરાલ્ડની સંપત્તિ જપ્ત કરી શકે છે

### નવેમ્બર ૨૦૨૩માં મની લોન્ડરિંગ કેસમાં રૂ. ૭૫૨ કરોડની સંપત્તિ ફ્રીઝ કરવામાં આવી હતી

નવીદિલ્હી,
ED કોંગ્રેસ પાર્ટી દ્વારા પ્રમોટેડ નેશનલ હેરાલ્ડ ન્યૂઝપેપરની રૂ. ૭૫૨ કરોડની સંપત્તિ જપ્ત કરી શકે છે. ગયા વર્ષે નવેમ્બરમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ ની નિર્ણાયક સમિતિ દ્વારા આ સંપત્તિઓ ફ્રીઝ કરવામાં આવી હતી. આ પછી EDએ આ સંપત્તિને જપ્ત કરી હતી. ૧૦ એપ્રિલે સમિતિએ તેના અગાઉના નિર્ણયને યથાવત રાખ્યો હતો.

સમિતિએ તેના આદેશમાં કહ્યું કે તેને લાગે છે કે ED દ્વારા જોડાયેલ જંગમ સંપત્તિ અને ઈક્વિટી શેર મની લોન્ડરિંગ દ્વારા મેળવવામાં આવ્યા છે. આ આદેશ સાથે, એજન્સી હવે દિલ્હીના ITOમાં હેરાલ્ડ હાઉસ, મુંબઈ, લખનૌ અને અન્ય ઘણા સ્થળોએ જમીન અને ઈમારતોનો કબજો લઈ શકે છે. જો કે, તેમનો કબજો ત્યારે જ લઈ શકાશે જ્યારે ટ્રાયલ કોર્ટ ઈડીની તરફેણમાં ચુકાદો આપે. આ આદેશ સાથે, એજન્સી હવે દિલ્હીના ITOમાં હેરાલ્ડ હાઉસ, મુંબઈ, લખનૌ અને અન્ય ઘણા સ્થળોએ જમીન અને ઈમારતોનો કબજો લઈ શકશે.

EDએ ગયા વર્ષે નવેમ્બરમાં એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ અને યંગ ઈન્ડિયા સામે PMLA હેઠળ આ મિલકતો જપ્ત કરી હતી. નેશનલ હેરાલ્ડ AJL દ્વારા પ્રકાશિત થાય છે




અને યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડની માલિકી ધરાવે છે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી યંગ ઈન્ડિયાના સૌથી વધુ શેર ધરાવે છે. બંને પાસે ૩૮-૩૮ ટકા શેર છે. આ કેસમાં EDએ ૩ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ દિલ્હીના હેરાલ્ડ બિલ્ડિંગમાં આવેલી યંગ ઈન્ડિયા કંપનીની ઓફિસને સીલ કરી દીધી હતી. ગયા વર્ષે ૨ અને ૩ ઓગસ્ટના રોજ EDની ટીમે દિલ્હી, મુંબઈ અને કોલકાતા સહિત નેશનલ હેરાલ્ડના ૧૬ સ્થળોએ સવારથી મોડી સાંજ સુધી દરોડા પાડ્યા હતા. સોનિયા અને રાહુલની પૂછપરછ બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી.

તપાસ એજન્સીએ એક નિવેદન જાહેર કરીને કહ્યું કે તેણે સોનિયા ગાંધી, તેમના પુત્ર રાહુલ ગાંધી અને પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની પૂછપરછ કરી અને તેમના નિવેદનો નોંધ્યા.

## રામમંદિરમાં સોનાના રામચરિતમાનસની સ્થાપના

### ૧૦૦૦ પાના, કિંમત- ૫ કરોડ : મધ્યપ્રદેશ કેડરના પૂર્વ IASએ કહ્યું- ઈશ્વરે મને જે કંઈ આપ્યું છે, તે પરત કર્યું

અયોધ્યા,
હવે ભક્તો અયોધ્યાના રામમંદિરમાં રામલલા સાથે સોનાના રામચરિતમાનસના દર્શન કરી શકશે. નવરાત્રિના પ્રથમ દિવસે ગર્ભગૃહમાં ધાર્મિક વિધિ મુજબ તેની સ્થાપના કરવામાં આવી છે. રામચરિતમાનસને રામલલાની મૂર્તિથી ૧૫ ફૂટના અંતરે પથ્થરની શિલા પર મૂકવામાં આવ્યું છે. મધ્યપ્રદેશ કેડરના પૂર્વ છજી લક્ષ્મી નારાયણ અને તેમની પત્નીએ રામમંદિર ટ્રસ્ટને રામચરિતમાનસ ભેટ કર્યું હતું.

રામચરિતમાનસ ૧૦૦૦ પાનાનું છે. વજન- ૧૫૫ કિગ્રા. તેમાં ૪ કિલો સોનું અને




૧૫૧ કિલો કોપરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. દરેક પેજ પર ૨૪ કેરેટ સોનાનો ઢોળ ચઢાવ્યો છે. આ ઉપરાંત દરેક પાના પર ૩ કિલો તાંબુ પણ લગાવવામાં આવ્યું છે.

વમ્મીદી બંગારુ જ્વેલર્સે ૩ મહિનામાં રામચરિતમાનસ તૈયાર કર્યું છે. તેને બનાવવામાં લગભગ ૫ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. આ જ કંપનીએ નવા સંસદ ભવનમાં સ્થાપિત સેંગોલ (રાજદંડ) તૈયાર કર્યો હતો. રામલલાના પૂજારી સંતોષ કુમાર તિવારીએ જણાવ્યું કે રામચરિતમાનસને રામનવમી પર મંદિર ટ્રસ્ટને સોંપવામાં આવ્યું હતું. કેન્દ્રમાં ગૃહ સચિવ રહેલા એસ.લક્ષ્મી નારાયણે કહ્યું કે હું દાળ અને રોટલી ખાનાર વ્યક્તિ છું. પેન્શન પણ પૂરુ વપરાતું નથી. ઈશ્વરે મને જે કંઈ આપ્યું છે, તે તેમને પાછું આપ્યું છે. પ્રભુનું પુસ્તક તેમના ચરણોમાં અર્પણ કરીને મારું જીવન સફળ થયું.

## હેપેટાઈટિસથી રોજના ૩૫૦૦ લોકોના મોત

### ૮૩ ટકા મોત હેપેટાઈટિસ બી ના કારણે જયારે ૧૭ ટકા મોત માટે હેપેટાઈટિસ સી જવાબદાર

નવીદિલ્હી,
વિશ્વ આરોગ્ય સંસ્થાના ગ્લોબલ હેપેટાઈટિસ રિપોર્ટમાં જણાવ્યા અનુસાર આ સંક્રામક બીમારીથી વર્ષે ૧૩ લાખ અને રોજના ૩૫૦૦ લોકોના મોત થાય છે. ૧૮૭ દેશોના ડેટાનો અભ્યાસ કરતા માલૂમ પડયું છે કે વાયરલ હેપેટાઈટિસથી વર્ષ ૨૦૧૯માં ૧૧ લાખ લોકોના મુત્યુ થયા હતા જે ૨૦૨૨માં વધીને ૧૩ લાખ થયા છે. જેમાં ૮૩ ટકા મોત હેપેટાઈટિસ બી ના કારણે જયારે ૧૭ ટકા મોત માટે હેપેટાઈટિસ સી જવાબદાર છે.

હેપેટાઈટિસ B અને Cના સંક્રમણથી અંદાજે સામૂહિક રીતે બાંગ્લાદેશ, ચીન, ઈથિઓપિયા, ભારત, ઈન્ડોનેશિયા, નાઈજીરિયા, પાકિસ્તાન, ફિલીપાઈન્સ,રશિયા અને વિયેતનામમાં નોંધાયા છે. યુએનની હેલ્થ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે ૨૦૨૫ સુધીમાં આ ૧૦ દેશોમાં રોગનું સંક્રમણ અટકાવીને ઉપાયો કરવા સર્વાગિણ પ્રયાસો આવશ્યક છે. વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિર્દેશક ટેડ્રોસ અદનોમ ઘેબ્રેયસસે પણ હેપેટાઈટિસના વધતા જતા કેસો અંગે ચિંતા વ્યકત કરી છે.

હેપેટાઈટિસનો અર્થ લીવરમાં આવતો સોજો છે. જયારે લીવરમાં સોજો આવે છે ત્યારે તેની કાર્યક્ષમતા પર અસર થાય છે. શરાબ, વિષાકત ભોજન કેટલીક દવાઓના લીધે હેપટાઈટિસ થઈ શકે છે. જો કે હેપેટાઈટિસ મોટે ભાગે વાયરસના કારણે થાય છે. હેપેટાઈટિસથી પીડિત દર્દીની સૌથી મોટી વિટંબણાએ હોય છે તે સંક્રમિત છે એવું ધ્યાનમાં જ આવતું નથી. જેને હેપેટાઈટિસના લક્ષણો દેખાય છે તેમને તાવ, થાક, ઉલટી, પેટમાં દુખાવો, ઘાટા રંગનું યૂરિન થવું, સાંધાનો દુખાવો અની પીળિયા જેવા લક્ષણોનો સમાવેશ થાય છે.

## BJPની ૧૦મી યાદીમાં ૯ નામ

### કિરણ ખેર, રીતા બહુગુણાની ટિકિટ કપાઈ

નવીદિલ્હી,
ભાજપે બુધવારે લોકસભા ચૂંટણી માટે ૧૦મી યાદી જાહેર કરી. જેમાં ઉત્તર પ્રદેશના ૭, પશ્ચિમ બંગાળના એક અને ચંદીગઢ લોકસભા સીટના એક ઉમેદવારના નામ છે. ચંદીગઢના વર્તમાન સાંસદ કિરણ ખેરની ટિકિટ રદ કર્યા બાદ પાર્ટીએ સંજય ટંડનને પોતાના ઉમેદવાર જાહેર કર્યા છે.

આ સિવાય પૂર્વ વડાપ્રધાન ચંદ્રશેખરના પુત્ર નીરજ શેખરને



ઉત્તર પ્રદેશની બલિયા બેઠક પરથી તક આપવામાં આવી છે. ૨૦૧૯માં અહીંથી વીરેન્દ્ર સિંહને ઉમેદવાર બનાવવામાં આવ્યા હતા. આ સિવાય અલ્હાબાદથી રીટા બહુગુણા જોશીની ટિકિટ પણ રદ કરવામાં આવી છે.

## IIM અમદાવાદ વિશ્વની ટોચની ૨૫ બિઝનેસ સ્કૂલ્સમાં સામેલ

### QS રેન્કિંગમાં ભારતની ૬૯ શિક્ષણ સંસ્થા સામેલ : જેએનયુ વિશ્વસ્તરે ૨૦મા, ભારતમાં પહેલા ક્રમે

અમદાવાદ,
ક્યુએસ યુનિવર્સિટી ૨૦૨૪ રેન્કિંગમાં ૬૯ ભારતીય સંસ્થાઓએ સ્થાન મેળવવામાં સફળતા હાંસલ કરી છે. જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી (જેએનયુ) વિકાસ અભ્યાસની શ્રેણીમાં વિશ્વ સ્તર પર ૨૦મા સ્થાને છે. દેશમાં તે પ્રથમ સ્થાને છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ) અમદાવાદ બિઝનેસ અને એડમિનિસ્ટ્રેશનના અભ્યાસમાં વિશ્વની ટોચની ૨૫ સંસ્થાઓમાં સામેલ થઈ છે. જયારે આઈઆઈએમ બેંગલુરુ અને આઈઆઈએમ કોલકાતા ટોપ ૫૦ સંસ્થાઓમાં સામેલ થઈ છે. આ રેન્કિંગમાં રેકોર્ડ ૧૫૫૯ સંસ્થાઓ સામેલ છે. જેમાં પ્રથમ વખત ૬૪ યુનિવર્સિટીઓને સામેલ કરવામાં આવી છે. ભારતીય ટેક્નોલોજી સંસ્થા (આઈઆઈટી ) ગુવાહાટીએ ડેટા સાયન્સમાં જોરદાર દેખાવ કરીને ૫૧-૧૦૦માં સ્થાને રહી છે. ક્યુએસના સીઈઓ જેસિકા ટર્નરના કહેવા મુજબ ભારત દુનિયામાં સૌથી ઝડપથી વિસ્તરણ કરનાર શોધ કેન્દ્રો પૈકી એક છે. ૨૦૧૭થી ૨૦૨૨ વચ્ચેની શોધમાં ૫૪ ટકા સુધી વધારો થયો છે. જે વૈશ્વિક સરેરાશના બેગણા કરતા વધારે છે.

## પુલવામામાં એન્કાઉન્ટરમાં એક આતંકવાદી કરાયો ઠાર

### સુરક્ષાદળો અને આતંકીઓ વચ્ચે ભિષણ અથડામણ

જમ્મુ,
જમ્મુ-કાશ્મીરના પુલવામામાં સુરક્ષાદળો અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ ચાલી રહી છે. એન્કાઉન્ટરમાં એક આતંકીને ઠાર માર્યાના અહેવાલ સામે આવ્યા છે. આતંકવાદીનો મૃતદેહ મળી આવ્યો છે પરંતુ હજુ સુધી તે મળી આવ્યો નથી. એવું માનવામાં આવે છે કે ત્યાં અન્ય એક આતંકવાદી છે જેને સુરક્ષા દળોએ ઘેરી લીધો છે. સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર આ વિસ્તારમાં સુરક્ષાદળોને આતંકવાદીઓની છુપાયા હોવાની માહિતી મળી હતી. આ બાતમી અનુસાર સુરક્ષા દળોએ તમામ વિસ્તારને કોર્ડન કર્યો અને સર્ચ ઓપરેશન શરૂ કર્યું હતું. આ ઓપરેશનમાં જમ્મુ-કાશ્મીર પોલીસ અને કેન્દ્રીય સુરક્ષાદળોના જવાનોનું સામેલ છે.

## આમ આદમી સંકટમાં ! વિરોધ પ્રદર્શનમાં ૧૦માંથી ૭ સાંસદ 'ગૂમ'

### અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ વિરોધ પ્રદર્શન દરમિયાન તેના ૭ સાંસદો વિવિધ કારણોસર ગેરહાજર

નવીદિલ્હી,
દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ બાદ આમ આદમી પાર્ટી મુશ્કેલીમાં ફસાયેલી જોવા મળી રહી છે. દિલ્હી તેમજ દેશના અન્ય ભાગોમાં વિરોધ પ્રદર્શન દરમિયાન તેના ૭ સાંસદો ગુમ જોવા મળ્યા છે. ૧૦માંથી માત્ર ૩ સાંસદો જ પાર્ટી માટે અવાજ ઉઠાવતા જોવા મળે છે. લોકસભામાં છછૅના એકમાત્ર સાંસદ સુશીલ કુમાર રિંકુ તાજેતરમાં જ ભાજપમાં જોડાયા હતા. તાજેતરમાં જ જામીન પર બહાર આવેલા સંજય સિંહને જ્યારે આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે, 'પાર્ટી આ મુદ્દે ચર્ચા કરશે.'

અરવિંદ કેજરીવાલ અને સંજય સિંહની ધરપકડ એક જ કેસમાં કરવામાં આવી હતી. જામીન પર છૂટ્યા બાદ સંજય સિંહ છછૅનો ચહેરો બની રહ્યા છે. તેમના સિવાય, છછૅ ના રાષ્ટ્રીય મહાસચિવ (સંગઠન) સંદીપ પાઠક અને એનડી ગુપ્તા વિરોધ દરમિયાન સક્રિય રીતે જોવા મળે છે.

પંજાબના રાજ્યસભા સાંસદ રાઘવ ચઢ્ઢા, જેઓ તેમની પાર્ટી માટે અવાજ ઉઠાવે છે, તેઓ ગયા મહિને આંખના ઓપરેશન માટે લંડન ગયા હતા. તે માર્ચના અંતમાં પરત આવવાના હતા પરંતુ રાઘવ ??ચઢ્ઢા હજુ પણ લંડનમાં છે. પહેલીવાર દિલ્હીથી સાંસદ બનેલી સ્વાતિ માલીવાલ આ દિવસોમાં અમેરિકામાં છે. તેણે પાર્ટીને કહ્યું છે કે તેની બહેન બીમાર છે અને તેની બહેનને તેની જરૂર છે. પૂર્વ ભારતીય ક્રિકેટર હરભજને પંજાબથી રાજ્યસભા સાંસદ બન્યા બાદ ભાગ્યે જ છછૅની પ્રવૃત્તિઓમાં ભાગ લીધો છે. કેજરીવાલની ધરપકડ પર પણ તેઓ મૌન છે. તેમણે તાજેતરમાં તેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પર ઘણી પોસ્ટ્સ કરી છે, પરંતુ તે લગભગ બધી આઈપીએલ વિશે છે. પંજાબ સ્થિત લવલી પ્રોફેશનલ યુનિવર્સિટીના સ્થાપક અને છછૅ સાંસદ મિત્તલ પણ પાર્ટીની પ્રવૃત્તિઓમાં મોટાભાગે ગેરહાજર રહ્યા છે. તેમણે કહ્યું કે હું પાર્ટીના વિરોધ અંગે વાત કરવા માટે અધિકૃત નથી. પાર્ટી હેડક્વાર્ટર અમને જણાવશે કે શું કરવું.

પંજાબના અન્ય એક સાંસદ સંજીવ અરોરાએ કહ્યું કે તેઓ ધરપકડ બાદ ૨૪ માર્ચે કેજરીવાલની પત્ની સુનીતા કેજરીવાલને મળ્યા હતા.

CMYK CMYK

# તમારા સંતાનની જેમ જ સિંહોનું રક્ષણ કરો

## ગુજરાત હાઈકોર્ટે સરકાર અને રેલવે તંત્રને લગાવી ફટકાર

અમદાવાદ,

ગીરના જંગલ-અભયારણ્ય ક્ષેત્રમાં સિંહોના મોત મામલે ગુજરાત હાઈકોર્ટ દ્વારા દાખલ જાહેરહિતની રિટ અરજીની સુનાવણી દરમ્યાન સિંહોના અકાળે અને અકસ્માતે મોતની ઘટનાઓને લઇ ચીફ જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને અનિરૂધ્ધા માયીની ખંડપીઠે ભારે ચિંતા વ્યકત કરી હતી.

હાઈકોર્ટે ફરી એકવાર રેલ્વે ઓથોરીટી અને ફોરેસ્ટ વિભાગના સત્તાવાળાઓને આકરા શબ્દોમાં ઝાટક્યા હતા અને તેમને ચોખ્ખા શબ્દોમાં જણાવ્યું હતું કે, સિંહો સહિત વન્ય પ્રાણીઓના રક્ષણની જવાબદારી તેમની છે. રાજ્ય સરકાર કે રેલ્વે વિભાગ પોતાની આ જવાબદારીમાં છટકી શકે નહી. કોઈપણ બહારના તત્વો કે પરિબળોથી સિંહો કે કોઈપણ વન્ય જીવનું મોત થાય તો સત્તાવાળાઓ જવાબદાર બને છે. આ સાથે હાઈકોર્ટે ચીફ કન્ઝર્વેટર ઓફ ફોરેસ્ટ અને ડિવીઝનલ રેલ્વે મેનેજરને સોગંદનામું રજૂ કરવા હુકમ કર્યો હતો. હાઈકોર્ટે રેલ્વે ઓથોરીટી અને ફોરેસ્ટ વિભાગ(સરકારના સત્તાવાળાઓ)ને ગંભીર ટકોર કરી હતી કે, સિંહો એ રાજ્યના સંતાનો છે, તે જંગલની બહાર જાય અને અકસ્માત થાય તો શું તમે તપાસ ન કરો..? સિંહોના મોત મામલે થયેલી જાહેરહિતની રિટ અરજીમાં ગીર ક્ષેત્રમાં વિવાદીત અકસ્માત સંદર્ભે રેલ્વે ઓથોરીટી કે સરકારના સત્તાવાળાઓ તરફથી કોઇ ઈન્કવાયરી રિપોર્ટ કે અહેવાલ રજૂ નહી થતાં હાઈકોર્ટે તેને લઇને પણ ગંભીર સવાલ ઉઠાવ્યા હતા કે, તમારા સોગંદનામાંમાં સિંહોના મોત મામલે તમે શું ઈન્કવાયરી કરી અને તેનો રિપોર્ટ કે તેને લગતી કોઇ વિગતો જ નથી. રેલ્વે ઓથોરીટી અને રાજ્ય સરકાર તરફથી એપ્રીલે રજૂ કરાયેલા સોંગદનામામાં ઘણી વિગતોનો અભાવ હોવાથી કોર્ટે તેને લઈને પણ ટીકા કરી હતી.

હાઈકોર્ટે સરકારપક્ષ અને રેલ્વે ઓથોરીટીને માર્મિક ટકોર કરતાં જણાવ્યું કે, શું હાઈકોર્ટે જ તમને નાની નાની બાબતોમાં દરેક વાતમાં કહેવાનું હોય કે, તમે આમ કરો, તમે તેમ કરોપતમને જાતે વધારાની વિગતો કે માહિતી રજૂ કરવાની કેમ ખબર પડતી નથી.? શું અદાલતે તમને આવું કહેવુ પડેપ?

# ગુજરાતમાં ૧૩થી ૧૬ એપ્રિલ સુધીમાં વાતાવરણ પલટાશે

અમદાવાદ,

ગુજરાતમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી પડી રહેલ કાળઝાળ ગરમીમાં બે-ચાર દિવસ આંશિક રાહત મળે તેવી સંભાવના છે. જો કે, ગુજરાતમાં કેટલાક સ્થળોએ ભારે બફારાનો અનુભવ થશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે, આગામી ૧૩ થી ૧૬ એપ્રિલ સુધીમાં રાજયના છુટાછવાયા વિસ્તારોમાં કમોસમી વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરતા જણાવ્યું છે કે, ગુજરાતના પૂર્વ અને દક્ષિણ ભાગમાં છુટોછવાયો વરસાદ વરસી શકે છે. ૧૩ થી ૧૬ એપ્રિલ દરમિયાન સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. જે અંતર્ગત ૧૪ થી ૧૫ એપ્રિલે દાહોદ, છોટા ઉદેપુર, નર્મદા, કચ્છ સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. તો બીજી બાજુ ૧૬ એપ્રિલ દાહોદ, છોટાઉદેપુર ,નર્મદા જિલ્લામાં સામાન્ય વરસાદની આગાહી કરવામાં આવી છે. ગુજરાતમાં ગઈકાલે સૌથી વધુ ગરમી રાજકોટમાં નોંધાઈ હતી. રાજકોટ શહેરમાં તાપમાનનો પારો ૪૨ ડિગ્રીએ પહોચ્યો હતો. જો કે રાજયમાં વાતાવરણમાં પલટો આવે તે પહેલા સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાના વિસ્તારમાં બફારો અને અકળામણ અનુભવાશે. અમદાવાદ સહીત ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગરમીનો પારો સામાન્ય કરતા આંશિક ઉચે રહે તેવી સંભાવના છે.

# સોનગઢમાં કાર ઝાડ સાથે અથડાતાં ત્રણનાં મોત

સોનગઢ

સોનગઢ તાલુકાના હીરાવાડી ગામ પાસે કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે અથડાતાં ત્રણ વ્યક્તિનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં. રસ્તા પર જતાં દાદીને બચાવવા જતાં કારચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં કાર ઝાડ સાથે ભટકાઈ કારમાં સવાર એક મહિલા અને એક બાળકી સહિત ત્રણ જણનાં ઘટનાસ્થળે મોતની નીપજ્યાં, જ્યારે ચાર જેટલી વ્યક્તિઓને ગંભીર ઈજા પહોંચતાં સારવાર માટે જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

આ અકસ્માત દરમિયાન વૃદ્ધા સહિત કારમાં સવાર એક મહિલા અને એક બાળકીનું ઘટનાસ્થળે મોત અને અન્ય ચારને ગંભીર ઈજાગ્રસ્ત ઘાયલોને સોનગઢ હોસ્પિટલમાં ખસેડાયા છે. હાલ સોનગઢ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# રમજાન-ઈદના પર્વ નિમિત્તે શુભકામના પાઠવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ



ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના મુસ્લીમ સમાજના સૌ નાગરિક ભાઇ-બહેનોને ગુરૂવાર તા. ૧૧મી એપ્રિલના રોજ ઉજવાનારા પવિત્ર ઈદ-ઉલ-ફિત્રની હાર્દિક શુભકામના પાઠવી છે.

મુખ્યમંત્રીએ રમઝાન ઈદની શુભેચ્છાઓમાં જણાવ્યું છે કે, ઈદનો આ તહેવાર સમાજ જીવનમાં સમત્વ, બંધુત્વ અને સામાજિક સમરસતા સાથે સદભાવને વધુ મજબુત બનાવશે તથા સૌના જીવનમાં સુખ-સમૃધ્ધિની વૃધ્ધિ કરશે.

# પંચમહાલના પૂર્વ સાંસદ ભૂપેન્દ્રસિંહ સોલંકીએ ફરી ભાજપમાં કર્યો પ્રવેશ

પંચમહાલ

લોકસભાની ચૂંટણી ૨૦૨૪ને લઈ રાજકારણમાં ભારે ગરમાવો આવ્યો છે. ક્યાંક વિરોધ તો કયાંક પ્રચાર રેલીઓ તો વળી કયાંક પક્ષ પલટાનો માહોલ જોવા મળી રહ્યો છે. એક તરફ ભાજપે ગુજરાતની તમામ બેઠકો પર પોતાના ઉમેદવારો જાહેર કરી દીધા છે તો બીજી તરફ કોંગ્રેસની ચાર બેઠકો પર ઉમેદવારોને લઈ કોકડું હજુ સુધી ગુચવાયેલું છે. જો કે, આ બધી રાજકીય ચહલ-પહલ વચ્ચે પંચમહાલમાં કેટલાક રાજકીય અને સહકારી આગેવાનો ભાજપ જોડાયા છે.

પંચમહાલ બેઠકના પૂર્વ સાંસદ અને પંચમહાલ ડેરીના પૂર્વ ચેરમેન ભૂપેન્દ્રસિંહ સોલંકીએ આજે કેસરિયા કર્યા છે. જેઓએ આજે ફરી ભાજપ ઘરવાપસી કરી છે. તેમની રાજકીય કારકિર્દીની વાત કરીએ તો તેઓ બે વખત સાંસદ રહી ચૂક્યા છે. ભૂપેન્દ્રસિંહને વર્ષ ૨૦૧૯માં ભાજપે ટિકિટ ન આપતા અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી.

પંચમહાલ બેઠક ૨૦૦૮ના નવા સીમાંકન પછી અસ્તિત્વમાં આવી. બેઠક અસ્તિત્વમાં આવ્યા બાદ આ બેઠક ઉપર ભાજપનું શાસન છે. ભાજપે રતનસિંહ રાઠોડને ફરી રિપીટ ન કરતા રાજપાલસિંહ જાધવને મેદાને ઉતાર્યા છે. તો કોંગ્રેસે લુણાવાડાના વર્તમાન ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણને મેદાને ઉતાર્યા છે. ઉમેદવારો જાહેર થયા બાદ પ્રચાર-પ્રસાર જોરશોરથી થઈ રહ્યો છે ત્યારે સ્થાનિક સ્તરે ઉમેદવારો સામે અસંતોષની વાત પણ વહેતી થઈ છે. ભાજપ કેન્દ્ર

# સુરત થી અમદાવાદ રિક્ષામાં ગાંજાની હેરાફેરી : ત્રણ આરોપી જેલ હવાલે

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં રિક્ષામાં ગાંજાની હેરાફેરી કરતા ત્રણ લોકોની પોલીસે ધરપકડ કરી છે. શહેરના નારોલ તરફથી આવતી રીક્ષામાં ગાંજો હોવાની માહિતીના આધારે વેજલપુર પોલીસની ટીમ રીક્ષામાં ગાંજો લઈ આવનાર ત્રણ લોકોની ધરપકડ કરી ૩ લાખથી વધુની કિંમતનો ૩૦ કિલો થી વધુનો ગાંજો પકડી પાડ્યો છે.

પોલીસે ઓટોરિક્ષા સાથે મન્સૂરી ફૈઝલ ગુલાબભાઈ, ઈરફાન શેખ અને સૈયદ જુનેદ યુસુફભાઈ નામના ત્રણ આરોપીઓની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

આરોપીઓની પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે અગાઉ થોડા દિવસ પહેલા ત્રણેય આરોપીઓ સુરત થી અમદાવાદ ગાંજાનો જથ્થો લઈ આવ્યા હતા. જ્યારે ગઈકાલે બીજી વખત ગાંજો લઈને આવતા હતા ત્યારે પોલીસે પકડી પાડયા હતા.

અમદાવાદના એક વ્યક્તિએ તેની ઓટોરીક્ષા આરોપીઓને આપી હતી જેના દ્વારા આ ત્રણેય આરોપીઓને સુરત ખાતે ગાંજો લેવા મોકલ્યા હતા. જોકે રસ્તામાં કોઈને શંકા જાય નહીં તે માટે એક આરોપી રીક્ષા ચલાવતો હતો જ્યારે અન્ય બે આરોપીઓ પાછળ પેસેન્જરના ગ્રુપમાં બેસતા હતા.

# જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં કેસર કેરીનું આગમન

## બોક્સ દીઠ રૂ. ૬૦૦થી ૧૮૦૦નો ભાવ બોલાયો



જૂનાગઢ

કેસર કેરીના સ્વાદના રસીયાઓએ હવે તેમની પ્રિય કેરી માટે બહુ રાહ નહીં જોવી પડે. ફળોની રાણી ગણાતી મીઠી મધુર કેસર કેરીનું ધમાકેદાર આગમન થઈ ગયું છે. જોકે લોકોએ હાલ કેસરનો સ્વાદ લેવો થોડો મોંઘો પડી શકે છે. જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં અંતે કેસર કેરીની આવકનો પ્રારંભ થઈ ચૂક્યો છે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં ૮૦૦થી ૧૦૦૦ બોક્સની આવક થઈ હતી. હરાજીમાં પ્રતિ બોક્સનો ભાવ ૬૦૦થી ૧૮૦૦ રૂપિયા બોલાયો હતા. યાર્ડના વેપારીઓના મતે બજારમાં જેમ જેમ કેરીની આવકમાં વધારો થશે એમ એમ ભાવમાં પણ ઘટાડો જોવા મળશે.

જૂનાગઢ માર્કેટિંગ યાર્ડમાં માર્ચ અને એપ્રિલ મહિના દરમિયાન ગીરની કેસર કેરીની ૨ હજારથી ૫ હજાર બોક્સની આવક થતી હોય છે, પરંતુ આ વર્ષે વાતાવરણમાં આવેલા પલટાના કારણે કેરીની આવક મોડી અને ઓછી થઈ છે. આ વર્ષે ૮૦૦થી ૧૦૦૦ બોક્સની જ આવકથી પ્રારંભ થયો છે. ગત વર્ષ ૨૦૨૩માં આ જ સમયગાળામાં બોક્સનો ભાવ ૨૫૦થી ૫૦૦ રૂપિયા હતો.

**જ્યાં સુધી માફી ન માંગે ત્યાં સુધી**

# કાજલ હિન્દુસ્તાનીને પાટીદાર સમાજના કોઈ કાર્યક્રમમાં સ્ટેજ પર બેસવા નહી દેવાય

મોરબી,

મોરબી પાટીદાર સમાજની દીકરીઓ અને ઉદ્યોગપતિઓ વિશે ટિપ્પણી કરનાર કાજલ હિન્દુસ્તાનીના વિરોધમાં મોરબીમાં જાહેર સભા યોજાઇ હતી જેમાં પાટીદાર સમાજની વિવિધ સંસ્થાઓ અને સિરામિક એસો.ના પ્રમુખો સહિતના હાજર રહ્યા હતા અને આગામી સમયમાં કાજલ હિન્દુસ્તાની જ્યાં સુધી માફી ન માંગે ત્યાં સુધી તેને પાટીદારોના એક પણ કાર્યક્રમમાં કોઈપણ જગ્યાએ સ્ટેજ ઉપર પગ રાખવા



નહીં દેવામાં આવે તેવું એલાન મોરબીના પાટીદાર સમાજ દ્વારા કરવામાં આવ્યું છે.

કાજલ હિન્દુસ્તાનીને હવેથી કાફર પાકિસ્તાનીના નામથી બોલાવવા પાટીદારોએ આહવાન કર્યું છે.આમ પટેલ સમાજની દિકરીઓ અને મહિલાઓ ઉપર કરાયેલ કાજલબેન હિન્દુસ્તાનીની ટીપ્પણીઓ બાદ રોષે ભરાયેલ પાટીદાર સમાજે રેલી યોજીને આવેદનપત્ર આપેલ બાદમાં કોર્ટમાં બદનક્ષીના બદલ ફરીયાદ કરવામાં આવી હતી જોકે આ સંમેલન કે જેમાં સમાજની દિકરીઓ ઉપર કાજલબેને કરેલ બફાટ બદલે તેઓ માફી માંગે તેવી માંગ કરવામાં આવી તે દરમિયાન વકતવ્યોમાં અમુક આગેવાનો "સ્ત્રી દાક્ષીણ્ય" ચુકી ગયા હતા.

# ગુજરાત વિધાનસભામાં સરદારસિંહ રાણાના જન્મદિન નિમિત્તે પુષ્પાંજલિ અર્પણ કરાઈ



ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના પોડિયમ ખાતે શ્રી સરદારસિંહ રાણાના જન્મદિવસ નિમિત્તે તેમના તૈલચિત્રને વિધાનસભાના સચિવ શ્રી ડી.એમ.પટેલે આજે ભાવસભર પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

આઝાદીની ચળવળમાં શ્રી સરદારસિંહ રાણાનો સિંહફાળો રહ્યો હતો. ક્રાંતિકારી,સ્વાતંત્ર્ય સૈનિક સરદારસિંહ રાણા શ્રી શ્યામજી કૃષ્ણ વર્માના પરિચયમાં આવતાં આઝાદીના રંગે રંગાયા હતા. તેઓએ વર્ષ-૧૯૦૭માં જર્મનીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રિય સમાજવાદી પરિષદમાં હાજર રહીને મેડમ કામા સાથે સૂર્ય-ચંદ્રના નિશાનવાળો હિન્દનો પ્રથમ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યો હતો. તેઓ સંપૂર્ણપણે દેશ પ્રેમની ભાવના ધરાવતા અને વિલાયતી દવાઓ કરતા નેચરોપેથીમાં વિશ્વાસ કરતા હતા. ગુજરાતના સુપુત્ર એવા સરદારસિંહ રાણાએ વિદેશમાં જઈ ક્રાંતિવીરોને દેશની આઝાદી માટે તૈયાર કર્યા હતા અને તેમને સંપૂર્ણ જીવન દેશ માટે અર્પણ કર્યું હતું.

# ભાજપ બીજા રાજકીય આગેવાનોને ડરાવીને તેમનામાં સામેલ કરે છે : મુકુલ વાસનિક

અમદાવાદ,

ગુજરાત કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે જણાવ્યું હતું કે ભાજપ બીજા રાજકીય પક્ષોના આગેવાનોને ડરાવીને તેમના પક્ષમાં સામેલ કરે છે. ભાજપમાં આવેલી ભરતી કંઈ તેમની વિચારધારાને આભારી નથી, પરંતુ ઈડી અને સીબીઆઈના ડરને આભારી છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે ભાજપને પોતાના બળે બહુમતી મેળવવાનો વિશ્વાસ નથી તેથી જ તે બીજા રાજકીય પક્ષોના નેતાઓને સામેલ કરી રહ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે આજે ભાજપે તેમના પક્ષને કોંગ્રેસી આગેવાનોથી ભરી દીધો છે. ભાજપ કોંગ્રેસમુક્ત ભારત કરવા જતાં-જતાં કોંગ્રેસયુક્ત ભાજપ થઈ ગયું છે. આસામમાં ભાજપના મુખ્યમંત્રી હિમન્તા બિસ્વા સરમા કોંગ્રેસના મૂળના છે. આ ઉપરાંત ભાજપે કર્ણાટકમાં યેદિયુરપ્પાના સ્થાને જેમને સીએમ બનાવ્યા હતા તેમનું ગોત્ર પણ મૂળ તો કોંગ્રેસનું જ હતુ.

આ બતાવે છે કે ભાજપ પાસે સારા રાજકીય આગેવાનોની કેટલી ખોટ છે કે તેણે કોંગ્રેસમાંથી તેને આયાત કરવા પડી રહ્યા છે.

# સુરતમાં ફરી તાંત્રિકે વિધી કરવાના બહાને મહિલા સાથે દુષ્કર્મ આચર્યું

સુરત,

સુરતમાં વિધી કરવાના બહાને તાંત્રિકની કરતૂત સામે આવી છે,જેમાં ભુવાએ દુષ્કર્મ આચરી મહિલા સાથે ૧૪ લાખની માતબર રકમ પડાવી લીધી છે,મહિલાને પારીવાર તકલીફ હોવાથી તાંત્રિક પાસે વિધી કરાવવા પહોચી હતી,ત્યારે તાંત્રિક દુષ્કર્મ આચર્યું હતુ,તો મહિલાએ ત્યારબાદ સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે દુષ્કર્મ અને છેતરપિંડીની ફરિયાદ હેઠળ ગુનો નોંધ્યો હતો અને તાંત્રિકની ધરપકડ કરી હતી.

મહિલાની વાત સાંભળી પોલીસ પણ ચૌકી ઉઠી હતી,તાંત્રિકે અગાઉ કોઈ સાથે આજ રીતને કરતૂત કરી છે કે નહી તેને લઈ તપાસ હાથધરી છે,તો બીજી તરફ તાંત્રિક સાથે કોણ કોણ જોડાયું છે અને મહિલા તાંત્રિક સાથે કેવી રીતે પહોચી તે દિશામાં તપાસ હાથધરી છે.

વર્ષ ૨૦૨૦ થી વર્ષ ૨૦૨૩ દરમ્યાન બંને જ્યોતિષો દ્વારા ફરિયાદીને તાંત્રિક ચમત્કાર દ્વારા હર મુશ્કેલ અને સમસ્યાઓનું સમાધાન કરી આપવાના નામે અલગ અલગ વિધિના બહાને રૂપિયા ૧૫ લાખથી વધુની રકમ પડાવી લેવામાં આવી હતી. જેમાં સોના-ચાંદીના ઘરેણા પણ બંને જ્યોતિષો દ્વારા પડાવી લેવાયા હતા. ઘરમાં આત્માનો વાસ છે અને ઘરમાં મોટા પ્રમાણમાં સોનું રહેલું છે તેમ કહી ફરિયાદીને વિશ્વાસ અને ભરોસામાં લેવામાં આવ્યો હતો. જ્યાં વિશ્વાસ અને ભરોસામાં આવી ગયેલા ફરિયાદીએ આ તમામ રકમ અને સોના ચાંદીના ઘરેણા બંને જ્યોતિષોને આપી દીધા હતા.

# સમલૈંગિક સંબંધો બાંધવાના નામે યુવકને બોલાવી અઢી લાખ પડાવવાનો પ્રયાસ

અમરોલી,

સુરતના અમરોલી વિસ્તારમાં સમલૈંગિક સંબંધો બાંધવાના નામે યુવકને બોલાવી ચાર જેટલા લોકો દ્વારા રૂપિયા અઢી લાખ જેટલી રકમ પડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અમરોલી પોલીસ મથકના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ,અમરોલી પોલીસ મથક હદ વિસ્તારમાં રહેતા ૩૬ વર્ષીય યુવકને બ્લુડ લાઈવ એન્ડ ડેટિંગ એપ પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. સોશિયલ મીડિયા એપ પરથી આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ આ યુવક દ્વારા સ્વીકારવામાં આવી હતી. અજાણ્યા શખ્સ દ્વારા મોકલવામાં આવેલી ફ્રેન્ડ રિક્વેસ્ટ સ્વીકારતા યુવક જોડે ઓનલાઈન ચેટિંગ શરૂ થયું હતું. આ બાદ સમલૈંગિક સંબંધ બાંધવાની લાલચ આપી યુવકને અમરોલી વિસ્તારમાં બોલાવવામાં આવ્યો હતો. અમરોલી વિસ્તારમાં આવેલી એક સોસાયટીના મકાનમાં બોલાવી યુવકનો બીભત્સ વીડિયો ઉતારી લેવામાં આવ્યો હતો. યુવકને જ્યારે રૂમમાં બોલાવવામાં આવ્યો, ત્યારે પહેલાંથી જ એક ઈસમ આપતિજનક અવસ્થામાં હતો.

# સુરતમાં સરકારી બાબુઓને ચૂંટણીનું કામ નથી કરવું ૩૧૪૩ કર્મચારીઓએ ફરજ મુક્તિ માટે અરજી કરી

સુરત,

સુરત લોકસભાની ચૂંટણી માટે સુરત જિલ્લા ચૂંટણી વિભાગ દ્વારા શાળામાં આવેલા વિવિધ વિભાગોના અધિકારી કર્મચારીઓ માંથી ૩૧૪૩ અધિકારી કર્મચારીઓએ ચૂંટણી કામગીરીમાંથી મુક્તિ મેળવવા માટે અરજી કરી છે. જેમાંથી ૧૬૯૨ અરજીઓ માન્ય રાખવામાં આવી છે. જ્યારે કે, ૯૩૦ અરજીઓ નામંજુર કરી દેવામાં આવી છે. પરંતુ મોટી વાત તો એ છે કે મતદાન મથકનો સૌથી મહત્વનો અધિકારી પ્રિસાઈડિંગ ઓફિસર કહેવાય છે અને આ જવાબદારી જે અધિકારી કર્મચારીને આપવામાં આવી છે, તેમાંથી ૫૨૧ અધિકારીએ આ જવાબદારી ન સ્વીકારવા અરજી કરી છે અને ચૂંટણીના અન્ય કોઈપણ કાર્ય કરવા અરજી કરી જણાવવામાં આવ્યું છે.

સુરત જિલ્લા ચૂંટણી વિભાગ તરફથી પ્રાપ્ત વિગતો મુજબ આવનાર ૭ મેના રોજ સુરત લોકસભાની ચૂંટણી માટે વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ મળીને ૨૭,૩૩૬ ઓર્ડર ઈશ્યુ કરવામાં આવ્યા છે. જે પૈકી એઆરઓ સમક્ષ ૩૧૪૩ અધિકારી-કર્મચારીઓએ ચૂંટણીની કામગીરીમાંથી મુક્તિ મેળવવા અરજી કરી છે. આવેલી કુલ અરજીઓ પૈકી ૯૩૦ અરજીઓ એઆરઓ દ્વારા નામંજુર કરી દેવામાં આવી છે. તથા ૧૬૯૨ અરજીઓ માન્ય રાખવામાં આવી છે.

આ પ્રકારના કારણોને મહત્વ આપી અરજી કરનાર મોટાભાગના અરજદારોને કામગીરીમાંથી મુક્તિ આપવામાં આવી છે. ચૂંટણી ફરજમાં ડ્યુટી ન કરવા માટે કરાયેલ અરજીમાં સૌથી મહત્વની બાબતએ જાણવા મળી હતી કે ૩૧૪૩ કર્મચારીઓની મળેલી રજૂઆતમાંથી ૫૨૧ કર્મચારીઓ એવા હતા કે જેમને ખાસ કિસ્સામાં પ્રિસાઈડીંગ ઓફિસરનો ઓર્ડર થયો હતો. તે ઓર્ડર રદ કરીને પોલીગ સ્ટાફમાં કે અન્ય કોઈપણ કામમાં મુકવા માટે અરજી કરાઇ હતી. પરંતુ ચૂંટણી ફરજ દરમિયાન પ્રિસાઈડિંગ ઓફિસર તરીકે કામ કરવા તેઓ માંગતા નથી.

# નવસારીમાં માત્ર બે કલાકના અંતરાલમાં જ મામા-ભાણીનું મોત

નવસારી,

નવસારીના ચીખલીથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, ચીખલી નજીકના સમરોલી ગામે મામા-ભાણીનું બે કલાકના અંતરમાં જ મોત થયું છે. પ્રાથમિક વિગતો મુજબ મામાનું તળાવમાં ડૂબી જવાથી મોત થયું તો ભાણીનું ઘરમાં રમતા-રમતા કાપડની પટ્ટીથી ગળે ટૂંપો આવી જતાં મોત થયું છે. આ તરફ ઘટનાને લઈ મૃતકોના પરિજનો સહિત ગામમાં શોકની માહોલ છવાઈ ગયો છે.

ઘટના નવસારીના ચીખલી નજીક સમરોલી ગામે બની છે. સમરોલી ગામે મામા-ભાણીનું ગણતરીના કલાકોમાં જ મોત થયું છે. જેમાં મામા યોગેશ કુકણાનું તળાવમાં ડૂબી જતાં મોત નીપજ્યું હતું. તળાવમાં ન્હાવા પડેલા યોગેશ કુકણાનું મોત નિપજ્યુ હતું. જોકે આ સમાચારના ગણતરીના કલાકો ઘરે ૯ વર્ષની બાળકીને કાપડની પટ્ટી ગળામાં ફસાઈ જતા ગળે ફાંસો આવી જતા મોત નિપજ્યુ હતું. આ તરફ એક જ પરિવારમાં બે મોત થતા પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયા છે.

# ૧૦ વર્ષના બાળકે તેની સાથે ભણતી બાળકીની છેડતી કરી!

## બાળકને ઠપકો આપતા બાળકીના પિતાને ધોકાથી માર મારતા સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ

રાજકોટ:ઘણી વખત સાંભળવા મળ્યું હશે કે કળયુગ તેની ચરમસીમાએ છે. આ વાતને સમર્થન આપતા કિસ્સાઓ પણ સમયાંતરે પ્રકાશમાં આવે છે. રાજકોટમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે તે જાણી સૌ અચંબિત થઈ જાય. અહીં રાજકોટના આજીડેમ ચોકડી વિસ્તારમાં આવેલા એક એપાર્ટમેન્ટમાં ૧૦ વર્ષના બાળકે, ૧૦ વર્ષની બાળકીની છેડતી કરી હતી.બાળકીએ આ વાત પોતાના પિતાને કરી. પિતાએ બાળકને ઠપકો આપતા બાળકના પિતા ઉપરાણું લઈને આવ્યા. આ પછી ઝઘડો થયો. મારામારી થઈ. જેમાં બાળકીના પિતાને ઈજા થતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

બનાવની વિગત મુજબ, આજીડેમ ચોકડી પાસે એક એપાર્ટમેન્ટના ઈવિંગમાં બાળકીનો પરિવાર રહેતો હતો. જ્યારે આ જ એપાર્ટમેન્ટના એફ વિંગમાં બાળકનો પરિવાર રહેતો હતો. બાલ્કનીમાં ઉભા ઉભા બાળક તેની સામેની વિંગમાં રહેતી બાળકીને ઈશારા કરતો. સાથે ભણતા હોવાથી આવતા જતા પણ છેડતી કરતો. એક વખત બાળકે બાળકીને વચલી આંગળી બતાવી અને આંખથી પણ ઈશારો કર્યો.

આ બધાથી કંટાળી બાળકીએ પોતાના માતા પિતાને વાત કરી પહેલી વખત બાળકીના માતા બાળકના માતાને મળ્યા અને આ વાત કરી. બાળક સમજી જતું કરવામાં આવ્યું. બાળકને સમજાવશે તેમ તેની માતાએ કહ્યું હતું. જોકે ગઈકાલે સાંજે ફરી બાળકે બાળકીને ઈશારા કરી પજવણી કરી. ફરી બાળકીએ પોતાના પિતાને વાત કરી.

જેથી આ છોકરાના પિતાને વાત કરતા મામલો બીચકયો. ઝઘડો થતા બાળકીના પિતા પર ધોકા વડે બાળકના પિતા અને તેની સાથેના અન્ય શખ્સો તૂટી પડ્યા. માથામાં-શરીરે ઈજા થતાં ઈજાગ્રસ્તને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

# કણકોટની રૂા.૧૦ કરોડની સરકારી જમીન પરનું દબાણ હટાવવામાં રેવન્યુ તંત્રને કોની શરમ નડે છે?

## બે માસ થી રજૂઆતો છતા આજ સુધી પગલા નહીં, ગ્રામજનોએ હવે સી.એમ. પાસે દાદ માંગી



રાજકોટ:રાજકોટ જિલ્લાના કણકોટ સર્વે નં.૩૪૨ પૈકીમાં આવેલ કરોડો રૂપિયાની બજાર કિંમતની સરકારી ખરાબાની જમીનમાં એક ભૂમાફીયા દ્વારા ગેરકાયદે દબાણો ખડકી દેવામાં આવેલ છે. આ દબાણો સામે ખુદ ગ્રામજનોનો ઉગ્ર વિરોધ છે. અને તાકીદે આ દબાણ હટાવી દેવા માટે આજથી બે માસ અગાઉ જિલ્લા કલેકટર અને રાજકોટ તાલુકા મામલતદાર, તંત્રને લેખીતમાં રજૂઆતો કરાઈ છે. છતા આજ દિવસ સુધી તંત્રવાહકોએ આ ગંભીર પ્રશ્નને ગંભીરતાથી લીધો નથી અને દબાણો હજુ યથાવત છે. આથી ગ્રામજનો દ્વારા હવે આ પ્રશ્ને મુખ્યમંત્રીને પણ પત્ર પાઠવ્યો છે.દબાણ તાત્કાલિક હટાવી ભૂમાફીયા સામે લેન્ડગ્રેબીંગ હેઠળ કાર્યવાહી કરવા માંગ કરી પત્રમાં જણાવેલ છે કે કણકોટ ગામના ખરાબા સર્વે નં.૩૪૨ની કિંમતી જમીન ખરાબામાં આવેલ છે. આ સરકારી જમીન હડપ કરી જવાના એકમાત્ર બદઈરાદે બાજુમાં આવેલ ખેતીની જમીનના માલીક ગેરકાયદેસર દબાણ કરી પ્રીકાસ્ટેડ કમ્પાઉન્ડ વોલ બનાવી રહ્યા છે.સરકારી ખરાબાની સર્વે નં. ૩૪૨ પૈકીની આશરે ૧ એકર જેટલી જમીન પર દાદાગીરીથી દબાણ કરી ગેરકાયદેસર દબાણ અટકાવવા માટે ખુબજ પ્રયત્નો કરેલ છે. તેમજ રૂબરૂ મળીને પણ વિનંતી કરેલ છે. પરંતુ દબાણ કરનાર વ્યકિત ખુબજ વગદાર હોય દાદ આપવા તૈયાર નથી ને સામેથી ધમકી આપ્યા કરે છે. દબાણ કરવામાં આવેલ જમીનની કિંમત આશરે ૧૦ કરોડ રૂપિયા જેવી થવા જાય છે. જે જમીન કૃષ્ણનગર ટેલીકોમ્યુનીકેશન (રડાર સ્ટેશન)ને જોડતા મુખ્ય રસ્તા પર આવેલ છે. સરકારી ખરાબાની કિંમતી જમીન ગણવામાં આવે છે અને હાલ પ્રવર્તમાન સરકારી નિયમ મુજબ કોઈપણ સંજોગોમાં જમીન આપી શકાતી નથી કે રેગ્યુલરાઈઝડ થઈ શકતી નથી. સરકારી ખરાબાની જમીન બાબતે સરકાર ખુબજ સખ્તાઈથી કામ કરી રહેલ છે. અને આ બાબતે ગુજરાત રાજયમાં ગુજરાત કંટ્રોલ ઓફ ટેરોરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટ હેઠળ દબાણ કરનાર સામે ખુબજ કડક કાયદાનું પાલન કરાવી રહ્યા છે તેમજ લેન્ડગ્રેબીંગ એકટ હેઠળ પણ જીલ્લા કલેકટર કાનૂની રાહે પગલા ભરી રહ્યા છે. ત્યારે આવું કૃત્ય કરનારની સામે સરકારી તંત્ર સખ્ત કાયદેસર પગલા ભરી ગેરકાયદેસર દબાણ તુર્તજ હટાવવું જરૂરી છે અન્યથા ગામના બીજા લોકો પણ સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરી કબ્જો કરી લેશે. કણકોટ ગામ કૃષ્ણનગર ગામ તેમજ રામનગર ગામના ખેડૂત ખાતેદારો સરકારી જમીન પર કરવામાં આવતા દબાણોથી સખ્ત નારાજ છે. ઉપરોકત લોક લાગણીને ધ્યાનમાં લઈ આ સરકારી જમીન ઉપરનું દબાણ તુર્ત જ હટાવવા યોગ્ય કાર્યવાહી હાથ ધરાય તે જરૂરી છે. અન્યથા ગાંધી ચીંધ્યા માર્ગે ઉપવાસ કે આંદોલન કરાશે.

# પાણીની સમસ્યાની રજુઆત કરવા ગયેલ વૃધ્ધ પર બે શખ્સનો હુમલો

રાજકોટ: પામ યુનીવર્સ એપાર્ટમેન્ટમાં પાણીની સમસ્યાની રજુઆત કરવાં ગયેલ ૬૯ વર્ષીય પંકજભાઈને પાણીના ફેરા નાંખતો અવિનાશ અને ફ્લેટ ધારક ચંદ્રેશ ઉર્ફે મહાજને મારમારતાં સારવારમાં ખસેડાયા હતાં. બનાવ અંગે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાઈ હતી.બનાવ અંગે રૈયારોડ ગંગોત્રી પાર્ક મઈન રોડ પર પામ યુનીવર્સ એપાર્ટમેન્ટ ઈ-૫૦૨ માં રહેતાં પંકજકુમાર દીનકરરાય શુકલ (ઉ.વ.૬૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ચંદ્રેશ રાણપરા ઉર્ફે મહાજન અને અવનીશ રાખોલીયાનું નામ આપતાં યુનિવર્સિટી પોલીસે આઈપીસી ૩૨૩, ૩૨૫, ૫૦૪,૫૦૬ સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓ તેમના પત્ની મધુબેન,પુત્ર નીકુંજભાઈ સાથે રહે છે અને નિવૃત જીવન ગાળે છે. તેમની સોસાયટીમાં સાત વીંગ આવેલ છે અને દરેક વીંગમા પાણી ન આવતુ હોય અને છેલ્લા એક વર્ષથી બહારથી પાણીના ટાકા વહેચાતા મંગાવતા હોય જેથી પાણી બાબતે બીલ્ડીંગના કમીટી મેમ્બરના સભ્યો સાથે વાત કરેલ હતી કે, સાત વીંગ વચ્ચે છ પાણીના બોર આવેલા છે અને તેમ છતા એક જ બોરમાં પાણી આવે છે. જે બાબતે અગાઉ એક વર્ષ પહેલા મીટીંગ થયેલ હતી તેમ છતા પાણી બાબતના પ્રશ્નનનો ઉકેલ આવેલ ન હતો. બાદમાં દસેક દિવસ પહેલા સાતેય બીલ્ડીંગના સભાસદના માણસો બીલ્ડર ખુશી ડેવલોપર્સને આવેદન પત્ર આપેલ હતું.

વધુમાં બનાવના કારણ અંગે ફરિયાદીએ જણાવ્યું હતું કે, પામ યુનીવર્સમાં છેલ્લા એક વર્ષથી પાણીની સમસ્યા હોય અને અવનીશ પાણીના ટાકા બહારથી મંગાવી આપતા અને આ પાણીના ટાકા ના પૈસા પોસાય તેમ ન હોય જેથી વિંગ વાળાએ પાણી બંધ કરાવેલ અને જે બાબતનો ખાર રાખી હુમલો કર્યો હતો.બનાવ અંગેની ફરીયાદ પરથી યુનિવર્સિટી પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી હતી.

# ભંગારના ધંધાર્થીના મકાનમાંથી સગા સાઢુભાઈએ જ ચોરી કરી ’તી



રાજકોટ:ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં ભંગારના ધંધાર્થીના મકાનમાં બે દિવસ પહેલાં પુત્રીની માનતા માટે રાખેલા રોકડ અને દાગીનાની ચોરી કરી તસ્કરો નાસી છૂટતાં ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી માધાપર ચોકડી પાસેથી ભોગ બનાનારના સગા સાઢુભાઈને પકડી તમામ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.બનાવ અંગે જામનગર રોડ પર ઘંટેશ્ર્વર ૨૫ વારીયા ચિથરીયાપીરની દરગાહ પાસે રહેતાં કિશનભાઈ જેરામભાઈ જીજંજવાડીયા (ઉ.વ.૨૫) એ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, ભંગારની ફેરી કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. તેમની પત્ની આજી ડેમ ચોકડી પાસે રવિવારી બજારમા જુના ભંગાર વેચવાનુ કામ કરે છે. તેમના મકાનના મેઈન દરવાજો તુટેલો છે જેથી ઘરમા કોઈ લોક કરવાની સુવિધા નથી અને ઘરના દરવાજાનો ઉપરનો ભાગ તુટેલો છે જેથી ત્યાં કાપડનો પડદો આડો રાખે છે.તેઓએ તેમની નાની દિકરીની માનતા બેચરાજી (વિરમગામ) ખાતે રાખેલ હતી જેથી માનતા પુરી કરવા માટે રુપિયાની જરુર હતી જેથી દંપતી ઘરની બાજુમા રહેતા સાઢુભાઈ આકાશભાઈ કિશનભાઈ વણોદીયા પાસેથી ગઈ તા. ૦૬/૦૪ ના રાત્રીના રૂ. ૨૦ હજાર રોકડા હાથ ઉછીના લીધેલા બાદ બંન્ને ઘરે આવેલા અને રુપિયા ઘરના કબાટની તિજોરીમાં રાખેલ હતાં.ગઈકાલે દંપતી સવારના આઠેક વાગ્યે કામે નિકળી ગયેલ બાદ તેઓ બપોરના એકાદ વાગ્યે ભંગારની ફેરી કરી ઘરે પરત આવેલો ત્યારે ઘરે બધુ વ્યવસ્થિત હતુ. બાદમાં ફરી તેઓ આજીડેમ ચોકડી ખાતે રવિવારી બજારમા ગયેલો ત્યારબાદ સાંજના સાતેક વાગ્યે અમારા ઘરે પરત આવી અને જોયુ તો ઘરમા કબાટનો કાચ તુટેલો હતો અને લોક પણ તુટેલો હતો જેથી કબાટ ચેક કરતા તિજોરીનો પણ લોક તુટેલો હતો. જેમાં રાખેલાં સોના, ચાંદીના ઘરેણા તથા રોકડ રૂ.૨૦ હજાર મળી કુલ રૂ.૩૯ હજારના મુદ્દામાલની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી નાસી છૂટ્યા હતાં.બનાવ અંગેની ફરીયાદ પરથી ગાંધીગ્રામ પોલીસ મથકના પીઆઈ બી.ટી.અકબરી અને બી.બી.જાડેજાની રાહબરીમાં પીએસઆઈ એન.વી. હરિયાણી ટીમ સાથે ચોરીનો ભેદ ઉકેલવા તપાસ કરી રહી હતી ત્યારે સાથેના કોન્સ્ટેબલ પ્રદીપ ડાંગર, શક્તિસિંહ ગોહિલ, રોહિત કાછોટ, કુલદીપસિંહ રાણા અને રોહિતદાન ગઢવીને મળેલ ચોક્કસ બાતમીના આધારે ચોરીના બનાવનો ભેદ ઉકેલી માધાપર ચોકડીથી આગળ જામનગર રોડ પરથી આકાશ કિશન વણોદીયા (ઉ.વ.૩૦),(રહે. ઘંટેશ્વર ૨૫ વારીયા ચિથરીયાપીરની દરગાહ પાસે) ને દબોચી ચોરીનો તમામ રૂ.૩૯ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

**બાંધકામ સાઈટના પાંચમા માળેથી પટકાતા શ્રમિકનું મોત**

શહેરમાં બાંધકામ સાઈટના પાંચમા માળેથી પટકાતા કડીયા કામ કરતા અશોક કુમાર કુસવાદા(ઉ.વ.૨૦)નું મોત થયું હતું .સ્પીડવેલ ગોલ્ડ સાઈટ પર આ બનાવ બન્યો હતો. મૃતકે સ્થળ પર જ દમ તોડી દીધો હતો. મૃતકના પરિચિત અને તેની સાથે કામ કરતા શિવકુમાર કુશવાદાએ જણાવ્યું કે, અશોકકુમાર બિલ્ડીંગના પાંચમા માળે બાલ્કનીના ભાગમાં એક જગ્યાએ લાદીનો ટુકડો ચોંટાડવાનો બાકી હતો ત્યાં લાદી લગાવતો હતો. ત્યારે જ અચાનક તેને ચક્કર આવ્યા કે અન્ય કોઈ કારણસર બેલેન્સ ગુમાવતા પાંચમા માળની ઊંચાઈ પરથી નીચે પટકાયો હતો. ૧૦૮ને જાણ કરાતા એમ્બ્યુલન્સના ઈએમટી ડોકટરે મૃત જાહેર કરેલ. પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડ્યો હતો.

# પારુલ યુનિવર્સિટીના ૨૧૦ સ્ટાર્ટ અપ્સ ૧૨૦૦ પરિવાર માટે બન્યા રોજગાર દાતા

## સ્ટાર્ટ અપ્સ દ્વારા વાર્ષિક રૂા.૩૦ કરોડની આવકનું થયું સર્જન

વડોદરા

ભારતીય સ્ટાર્ટ-અપ ઈકો સિસ્ટમે છેલ્લાં એક દાયકામાં મોટી પ્રગતિ સાધી છે. વર્ષ ૨૦૧૪માં માત્ર ૩૫૦ સ્ટાર્ટ-અપની સંખ્યાથી આગળ વધતાં વર્ષ ૨૦૨૩ સુધીમાં દેશમાં સંખ્યા ૯૦,૦૦૦ને પાર કરી ગઈ છે. આનાથી લગભગ ૧૧૧ જેટલાં સ્ટાર્ટ- અપ્સ યુનિકોર્ન છે, જેનું મૂલ્ય ૧ અબજ ડોલરથી વધુ થવા પામે છે.

દેશના યુવાનોને જોબ સીકર નહી, પરંતુ જોબ ક્રિએટર બનવા માટે પ્રોત્સાહિત કરતાં નેક છ++ માન્યતા ધરાવતી પારૂલ યુનિ.એ એઆઇ, ક્લાઉડ કમ્પ્યુટિંગ, બ્લોકચેઈન, હેલ્થકેર, ઈ-કોમર્સ એન્ડ લોજીસ્ટિક્સ, એડ ટેક, ફૂડ ટેક, ઓટોમોબાઈલ, રિન્યૂએબલ એનર્જી, સોશિયલ ઇમ્પેક્ટ જેવાં ઉભરતાં ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓના ઈનોવેટિવ આઈડિયાને સાચી દિશામાં આગળ લઈ જવા માટે પહેલ કરી છે અને તે પરિણામલક્ષી બની છે.

યુનિવર્સિટી કેમ્પસમાં અત્યાર સુધીમાં ૫૦,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને તેમના સ્ટાર્ટ-અપ અને ઈનોવેશન માટે માર્ગદર્શન મળ્યું છે તથા ૨૧૦થી વધુ સ્ટાર્ટ-અપ ઈન્ક્યુબેટ થયાં છે. વિદ્યાર્થીઓએ તેમના સ્ટાર્ટ-અપ્સ દ્વારા ૧૨૦૦થી વધુ લોકો માટે રોજગાર ઉત્પન્ન કર્યું છે તેમજ તેમણે ભેગાં મળીને ૩૦ કરોડથી વધુની આવકનું પણ સર્જન કર્યું છે.

પારૂલ યુનિ.નો ઉદ્દેશ્ય ઈનોવેશન, આંત્રપ્રિન્યોરશિપ અને ક્રિએટિવિટીને પ્રેરિત કરવાનો છે, જેથી વિદ્યાર્થીઓ તેમના કૌશલ્યો વિકસાવી શકે અને એક સફળ સ્ટાર્ટ- અપની રચના કરવા સક્ષમ બને. પ્રારંભિક સ્ટેજના સ્ટાર્ટ-અપ્સને ટેક્નોલોજી અને માર્ગદર્શન, વૃદ્ધિ માટે શરૂઆતી ભંડોળ, નેટવર્ક અને લિંકેજીસ, કો-વર્કિંગ સ્પેસ, લેબની સુવિધા, મેન્ટરિંગ અને એડવાઈઝરી સપોર્ટ પૂરો પાડવામાં આવે છે. રોકાણકારો, સરકારી સંસ્થાનો, વેન્ચર કેપિટાલિસ્ટ અને બીજા રોકાણકારો પાસેથી પણ ભંડોળ ઊભું કરવા માટે પણ સ્ટાર્ટ-અપ્સને સહયોગ કરવામાં આવે છે. પારૂલ યુનિ.ના વાઈસ પ્રેસિડેન્ટ ડો. ગીતિકા પટેલે જણાવ્યું હતું કે, “એક વાઈબ્રન્ટ સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ પ્રતિભાના પોષણ અને તેને આકર્ષવા માટે ખૂબજ મહત્વપૂર્ણ છે. અમે યુનિ.માં ઈનોવેશન અને ઉદ્યોગસાહસિકતાની સંસ્કૃતિના વિકાસ માટે એક સહયોગી માહોલની રચના કરી છે, જ્યાં વિદ્યાર્થીઓ સ્ટાર્ટ-અપ માટે આવશ્યક કૌશલ્યો અને માર્ગદર્શન મેળવી શકે. સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમથી વિદ્યાર્થીઓની રચનાત્મકતાને પ્રોત્સાહન મળ્યું છે તથા તેમની જોખમ લેવાની ક્ષમતા વધી છે."

### સ્ટાર્ટઅપ ફેસ્ટિવલ ૪.૦માં મહાનુભાવોઅને ૧૦૦ ઈન્ડસ્ટ્રી લીડર્સની હાજરી

યુનિ. દ્વારા આયોજિત સ્ટાર્ટ-અપ ફેસ્ટિવલ ૪.૦માં ૨૫,૦૦૦થી વધુ સહભાગીઓ સફળ ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને ઈન્ડસ્ટ્રી એક્સપર્ટ્સ સાથે પ્રેઝન્ટેશન, પેનલ ચર્ચા, એક્સપર્ટ સેશન અને ઈન્ટરેક્ટિવ વર્કશોપના માધ્યમથી જોડાયા હતા. તેમાં વિદ્યાર્થીઓને તેમના નવીન વિચારોને વિવિધ સ્પર્ધા, કાર્યક્રમો અને નેટવર્કિંગની તકો દ્વારા હકીકતમાં તબદીલ કરવા સક્ષમ કરાયા હતાં. આ ફેસ્ટિવલમાં શિક્ષણ મંત્રાલયના ચીફ ઈનોવેશન ઓફિસર અને એઆઇસીટીઇના વાઇસ ચેરમેન ડો. અભય જેરે, અટલ ઈનોવેશન મીશનના પ્રથમ મીશન ડાયરેક્ટર આમનન રામનાથન, સરકારી અધિકારીઓ, ગુગલના વેન્ચર કેપિટલિસ્ટ, ૧૦થી વધુ યુનિકોર્ન સ્ટાર્ટઅપ ફાઉન્ડર્સ, ૭૦થી વધુ પ્રતિષ્ઠિત વક્તાઓ, ૧૦૦થી વધુ ઈન્ડસ્ટ્રી લીડર્સ, ૫૦૦થી વધુ રોકાણકારો અને ૨૫૦ સ્ટાર્ટ-અપ ફાઉન્ડર્સ ઉપસ્થિત રહ્યા હતાં, જેમણે વિદ્યાર્થીઓ અને ઉભરતાં ઉદ્યોગસાહસિકોને નેટવર્કિંગ તથા ફંડિંગની તકો કેવી રીતે ઝડપવી તેના વિશે માહિતી આપી હતી. તેમાં વિદ્યાર્થીઓએ ઉદ્યોગસાહસિકો, રોકાણકારો અને ઈન્ડસ્ટ્રીના નિષ્ણાંતો સમક્ષ તેમના સ્ટાર્ટ-અપ આઇડિયા પિચ કર્યા હતાં. દોરી હેન્ડીક્રાફ્ટ્સ નામના સ્ટાર્ટઅપે કંપનીના રૂા. ૮૦ લાખના મૂલ્ય સાથે રૂ. ૨૦ લાખનું ફંડિંગ મેળવ્યું હતું. આ ઉપરાંત ૧૪ ટીમોએ તેમના સ્ટાર્ટઅપ્સ માટે રૂા. ૨૧ લાખનું કુલ ફંડિંગ પ્રાપ્ત કર્યું હતું.

### યુનિ.ને જંગી ગ્રાન્ટ મળી તથા પ્રતિષ્ઠિત એવોર્ડ્સથી સન્માન

★ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં યુનિ.ના PIERCએ અખિલ ભારતીય શિક્ષા સમાગમ ૨૦૨૩માં તેની ઉત્કૃષ્ટ કામગીરી પ્રસ્તુત કરી

★ પારૂલ યુનિ.એ પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપ્સ અને ઈનોવેશનને સપોર્ટ કરવા ગુજરાત સરકારના ઉચ્ચ અને ટેક્નિકલ શિક્ષણ મંત્રી રૂષિકેશ પટેલની ઉપસ્થિતિમાં રૂ. ૨ કરોડની ગ્રાન્ટનો બીજો ઇન્સ્ટોલમેન્ટ મેળવ્યો છે.

★ સ્ટાર્ટઅપ ઈન્ડિયા સીડ ફંડ પાસેથી રૂ. ૩ કરોડની ગ્રાન્ટ મેળવી યુનિ.એ પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપ્સને પોષણ આપ્યું. આજે ઘણા સ્ટાર્ટ-અપ્સ સફળતાના નવા શિખરે

★ શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલ દ્વારા સર્વોચ્ચ ૪ સ્ટાર રેન્કથી સતત ત્રીજીવાર સન્માન

★ શિક્ષણ મંત્રાલય, એનઆઈઆરએફ ઈનોવેશન ૨૦૨૩ રેન્કિંગમાં ટોચની ૫૦ યુનિવર્સિટીમાં પારૂલ યુનિ.નો સમાવેશ

★ ભારત સરકારના શિક્ષણ મંત્રાલયના ઈનોવેશન સેલ દ્વારા MENTOR-MENTE પ્રોગ્રામ માટે મેન્ટર ઇન્સ્ટિટ્યુટ તરીકે યુનિ.ની ઓળખ કરાઈ

### અમદાવાદ, રાજકોટ-સુરતમાં શરૂ થયા સ્ટાર્ટઅપ સ્ટુડિયો - ઈન્ક્યુબેશન સેન્ટર

ઈનોવેશન અને ઉભરતાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન આપતા યુનિએ અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં સ્ટાર્ટ-અપ સ્ટુડિયો અને ઈન્ક્યુબેશન સેન્ટર શરૂ કર્યું છે. તેના પરિણામરૂપે અમદાવાદમાં ૫ સ્ટાર્ટ-અપ્સ SSIP પોલિસી હેઠળ કુલ રૂા. ૨.૭ લાખનું ફંડ મેળવ્યું છે.

# વિશ્વ હોમિયોપેથી દિવસના અનુસંધાનમાં “ગાર્ડી હોમિયોપેથિક કોલોક્વિઅમ ૨૦૨૪” નું આયોજન

રાજકોટ: રાજકોટની જાણીતી ગાર્ડી વિદ્યાપીઠ સ્થિત એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજમાં વિશ્વ હોમિયોપેથી દિવસની ઉજવણીના ભાગરૂપે “ગાર્ડી હોમિયોપેથિક કોલોક્વિઅમ ૨૦૨૪”નું આયોજન આગામી ૧૩ અને ૧૪ એપ્રિલના રોજ ગાર્ડી વિદ્યાપીઠ કેમ્પસના વિશાળ ઓડિટોરિયમ માં આયોજિત કરવામાં આવેલ છે. જેમાં વક્તા સ્થાને જાણીતા હોમોઓપેથીક કાર્ડિયોલોજિસ્ટ ડૉ. આદિલ ચિમથાનવાલાને આમંત્રિત કરવામાં આવ્યા છે.

બે દિવસ ચાલનાર સેમિનાર અંગે વધુ માહિતી આપતા એલ. આર. શાહ હોમિયોપેથી કોલેજ પ્રિન્સીપાલ ડો. અરવિંદ ભટ્ટ એ જણાવ્યું હતું કે હોમિયોપેથીના સ્થાપક ડો. સેમ્યુઅલ હેનેમેનની જન્મજયંતિના સન્માન માટે ઉજવવામાં આવતો આ એક વિશેષ દિવસ છે. વિશ્વભરના લોકોમાં હોમિયોપેથી અને તેના ફાયદા વિશે જાગૃતિ ફેલાવવાના ઉદેશથી તથા સર્વગ્રાહી સ્વાસ્થ્ય અને સુખાકારીને પ્રોત્સાહન આપવા માટે ડો. હેનેમેનના યોગદાન અને હોમિયોપેથીની પ્રેક્ટિસને ઓળખવાના પ્રયાસરુપે હોમિયોપેથનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, ઈન્ટર્નસ અને તબીબો માટે આ માહિતીસભર સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે.

આ સેમિનારના વક્તા સ્થાને આમંત્રિત ડો. આદિલ હોમિયોપેથિક કાર્ડિયોલોજીસ્ટ તરીકે ફરજનિષ્ઠ છે. તેઓ આદિલ હોમિયો હાર્ટ કેર સેન્ટર, નાગપુરના કન્સલ્ટિંગ હોમિયોપેથિક ફિઝિશિયન તરીકે સેવા બજાવી રહ્યા છે. તેઓ નેશનલ એકેડેમી ઓફ હોમિયોપેથિક ઈન ઈન્ડિયા (એન.એ.એચ.આઈ) ના સેક્રેટરી છે. તેઓને ડોક્ટર હેનેમેન એવોર્ડ, અવંતિકા ધનવંતરી એવોર્ડ, હોમિયો શ્રી એન્ડ સ્ટાર ઓફ હોમિયોપેથી જેવા એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે નેશનલ જનરલ ઓફ હોમિયોપેથી (એન.જે.એચ.), મુંબઈના હોમિયોપેથી અને જર્નલ પર વિવિધ પુસ્તકોના લેખક તરીકે નામના પ્રાપ્ત કરી છે. આ ઉપરાંત તેમણે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ સેમિનાર, વેબીનાર અને સાયન્ટિફિક પેપરની રજૂઆત કરી છે.

આ સેમિનારના પ્રથમ દિવસે એટલે કે ૧૩ એપ્રિલના રોજ હોમિયોપેથીના વિદ્યાર્થીઓ માટે આયોજીત સેમિનારના પ્રથમ સેશનમાં અન્ડરસ્ટેન્ડિંગ ઓફ કાર્ડિયાક કેસ- બેઝિક ટુ બેડ સાઈડ અને હાઈપરટેશન - ધ ફાઈનલ ફ્રન્ટયર જેવા વિષયો ઉપર સવિસ્તાર માર્ગદર્શન આપવામાં આવશે. જયારે બીજા સેશનમાં પ્રથમ પોટેન્સી સિલેક્શન અને સિમટમ ધ કિ ટુ સિલેક્શન જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવશે. તબીબો અને ઈન્ટર માટે આયોજીત સેમિનારના બીજા દિવસે પ્રથમ સેશનમાં કાર્ડિયાક પ્રોટોકોલસ અને કેસિસ વિથ ડિશકશન એન્ડ રેમેડી સિલેક્શન જેવા વિષયો પર વક્તવ્ય રજૂ કરવામાં આવશે. જ્યારે બીજા સેશનમાં ગ્લિમ્પ્સીસ ઓફ આઈ સી યુ મેનેજમેન્ટ અને હાયપરટેન્શન પ્રોટોકોલ્સ જેવા વિષય પર ઉપસ્થિત તબીબો અને ઈન્ટરસને માહિતગાર કરવામાં આવશે.

# વિસ્થાપિત હિન્દુ સહાયતા કાર્યાલયનો શુભારંભ




રાજકોટ: CAA કાયદા મુજબ ૩૧ ડિસેમ્બર ૨૦૧૪ પહેલા હિન્દુ, જૈન, બૌદ્ધ અને પારસીઓ પાકિસ્તાન, બાંગ્લાદેશ અને પાકિસ્તાનથી આવીને ભારતમાં વસેલા છે તેમને ભારત ની નાગરિકતા મળે તે માટે ભારત સરકાર ના હિન્દી પોર્ટલ અરજી કરવાની છે. ઓનલાઇન અરજી સાથે ધર્મ નું અને સ્થાનિક ઓળખ વગેરે પ્રમાણપત્ર અને એફીડેવિટ ની જરૂરીયાત રહેશે. ઉપરોક્ત તમામ કાર્ય માટે અરજદારને વિવિધ સ્થાનો પર જવું ન પડે અને સમય અને શક્તિ નોં બગાડ ન થાય તે માટે વિનામૂલ્યે બંધુ પરિવારોને અરજી કરી આપવામાં આવશે.

આ સુવિધા આપવાનો પ્રારંભ ઉદ્ઘાટન કાર્યક્રમ તા.૧૧ એપ્રિલ ગુરુવાર સાંજે ૬.૩૦ વાગ્યા ગુરુ નાનક હોલ, નાગરિક બેંક ની બાજુમાં ગાયકવાડી પ્લોટ રાજકોટ ખાતેથી થશે.

ફોર્મ ભરવાનું સ્થળ, વધુ વિગત માટે રાધાસ્વામી ૪/ ૮ ગાયકવાડી પ્લોટ, જંકશન પ્લોટ, રાજકોટ નાગરિક સહકારી બેંક પાછળ રાજકોટ થશે.

આ કાર્યક્રમમાં અખિલ ભારતીય સંત સભા ના અધ્યક્ષ પરમ પૂજ્ય પરમાત્માનંદજી તથા સ્વામીનારાયણ ગુરુકુળના સંતો વિશેષ ઉપસ્થિત રહી આશીર્વાદ આપશે.

આ ઉદઘાટન સમારોહ મા રાજકોટના મેયર મા. શ્રી નયનાબેન પેઢડીયા રાજ્ય સભાના સાંસદ મા. શ્રી રામભાઈ મોકરીયા જાણીતા ઉદ્યોગપતિ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સૌરાષ્ટ્ર પ્રાંતના સંઘચાલકજી મા .શ્રી મુકેશભાઈ મલકાણ, રાજકોટ વિભાગ સંઘચાલક મા. ડો. સંજીવભાઈ ઓઝા પધારવાના છે

# જીનિયસ ગ્રુપ દ્વારા ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરાયું



રાજકોટ:રાજકોટના જાણીતા જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ દ્વારા હંમેશા શૈક્ષણિક સ્તરને ઉત્તરોત્તર ઊંચુ લાવવા માટે વિદ્યાર્થીઓને જ નહિ પણ સંસ્થાના શિક્ષકોના વિચારો અને જ્ઞાનશક્તિની સમૃધ્ધિ માટે સમયાંતરે વિવિધ તાલીમ કાર્યક્રમો, વકતવ્યો અને કાર્યશાળાના આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં જીનિયસ ગ્રુપ ઓફ ઈન્સ્ટીટ્યુશન્સ દ્વારા સંસ્થા સાથે જોડાયેલ તમામ શાળાઓના શિક્ષકો માટે ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. જીનિયસ સ્કૂલના ઓડિટોરીયમમાં આયોજીત આ કાર્યક્રમમાં જીનિયસ ગ્રુપની જીનિયસ ઈંગ્લીશ મિડિયમ સ્કૂલ, જય ઈન્ટરનેશનલ સ્કૂલ, રાજકોટ ઈન્ટરનેશનલ સ્કૂલ અને જીનિયસ કિડ્સ કિંગડમ શાખાના તમામ શિક્ષકો એ ખુબ ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. શિક્ષકો માટે નિરંતર તાલીમ અત્યંત મહત્વપૂર્ણ છે કારણકે શિક્ષણ એક નિરંતર પ્રક્રિયા છે અને સમયગાળામાં તેની સમર્પણશીલતા અને પ્રગતિ માટે તાલીમની આવશ્યકતા રહે છે. નવીન શિક્ષણ પદ્ધતિઓ, તાજેતરની સાંસ્કૃતિક અને સામાજિક પરિવર્તનો અને વિદ્યાર્થીઓની માનસિક અને સામાજિક વિકાસની દિશામાં થતી પરિવર્તનોને સમજવા શિક્ષકો માટે આવા તાલીમ કાર્યક્રમોના આયોજન જરુરી છે.આ ટ્રેનિંગ પ્રોગ્રામમાં વક્તા સ્થાને શ્રી હિરલ ઝાલા દ્વારા શિક્ષકોને “માસ્ટરિંગ હાર્મનીઃ સ્ટ્રેટેજીસ ફોર ટાઈમ મેનેજમેન્ટ, ગોલ સેટિંગ એન્ડ અચીવિંગ વર્ક-લાઈફ બેલેન્સ”વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. જ

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma , on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at 7th Floor Pramukh Swami Arcade, Malaviya Chowk, Rajkot. Editor: Rajesh Kiritbhai Dave (Responsible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

## યુક્રેન વિવાદ વકરતો જાય છે

વર્તમાન વર્ષ ૨૦૨૪ માં જગત ભરના લોકશાહી દેશોમાં ચૂંટણીની પ્રક્રિયા ચાલી રહી છે ત્યારે યુક્રેન નો વિવાદ વધુ ને વધુ વક્રતો જાય છે નજીકના ભવિષ્યમાં તેનું કોઈ સોલ્યુશન દેખાતું નથી રશિયા પરના હુમલા પછી પુતીને માને છે કે આની પાછળ યુક્રેન નો હાથ છે આથી તે યુક્રેન પર વધારે ખતરનાક હુમલા કરી શકે તેમ છે આવી તે ઇઝરાયેલ પણ મુસ્લિમ સંગઠનો સામે રોશે ભરાયેલું છે. આમ એક બાજુ લોકશાહીની પ્રક્રિયા ચાલશે તો બીજી બાજુ નાના મોટા અડધો ડઝન જેટલા યુદ્ધો ખેલાઈ રહ્યા છે જે વિશ્વ શાંતિ માટે એક પડકારરૂપ છે મોસ્કોના કોન્સર્ટ હોલમાં થયેલા નિર્દયી હુમલા માટે ભલે ગમે તે જવાબદાર હોય, પુટિન તેના ત સાથે સાંકળી રહ્યા છે. હવે તેઓ યુક્રેન પર રશિયાના હુમલાની વધુ ભયાનક કરી શકે છે. આ બાબતમાં યુક્રેન પણ દૂધે ધોયેલું નથી મોસ્કોમાં કોન્સર્ટ હોલમાં થયેલા હુમલા માટે રશિયાએ ફરી એકવાર યુક્રેનને જવાબદાર ઠેરવ્યું છે. રશિયન તપાસકર્તાઓએ ગયા સપ્તાહના અંતે એક નિવેદન જારી કર્યું હતું કે, હુમલાખોરોના ફોનમાંથી એક યુક્રેનિયન ધ્વજની તસવીર મળી હતી. જોકે, આપણે કદાચ ક્યારેય જાણી નહીં શકીએ કે ગયા મહિને મોસ્કોના ક્રોક્સ મોલમાં થયેલા આતંકવાદી હુમલાનો માસ્ટરમાઇન્ડ કોણ હતો.

હુમલો એટલો ઘાતકી હતો કે, બાળકોને જાણી જોઈને નિશાન બનાવાયા હતા. લોકોના ગળા કાપી નખાયા હતા અને ISIS શૈલીમાં મૃતદેહોને વિકૃત કરાયા હતા. આશ્ચર્યની વાત એ છે કે, તમામ હુમલાખોરોને જીવતા પકડી લેવાયા હતા અને તેઓ ગંભીર રીતે ઘાયલ થયા ન હતા. તેઓ બધા તાજિક મૂળના હતા અને તેઓ તેમના વિઝાને ઓવરસ્ટે કરીને ગેરકાયદેસર રીતે રશિયામાં રોકાયા હતા. તેમાંથી કોઈની પાસISIS સાથે સંકળાયેલા સૂત્રો અને બેનરો અથવા આર્મબેન્ડ જેવી વસ્તુઓ નહોતી. જે ચેનલોએ દાવો કર્યો હતો કે, હુમલો ISIS દ્વારા કરાયો હતો, તે પશ્ચિમી ચેનલો હતી. તેમણે ખાસ કરીને રેખાંકિત કર્યું કે, અમેરિકાએ મહિનાઓ પહેલા રશિયાને ચેતવણી આપી હતી કે ISIS નજીકના ભવિષ્યમાં ત્યાં કોઈ હુમલો કરી શકે છે. પરંતુ રશિયાના ભૂતપૂર્વ વડા પ્રધાન મેદવેદેવે કહ્યું કે, હુમલા પાછળ યુક્રેનનો હાથ છે. આખરે પુટિને પણ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોવાનો આરોપ લગાવ્યોછે, શું આ રશિયાનું જ ખોટું ફ્લેગ ઓપરેશન હોઈ શકે છે? તેની શક્યતાઓને નકારી શકાય તેમ નથી. મોસ્કોમાં ૧૯૯૯માં પણ એપાર્ટમેન્ટ બોમ્બ વિસ્ફોટમાં ૩૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યો હતો, જેના માટે ચેચન આતંકવાદીઓને જવાબદાર ગણાવાયા હતા. પરંતુ આ માટે ક્યારેય કોઈ પુરાવા અપાયા નથી. રશિયાએ ચેચન્યા પર આક્રમણ કર્યું હતું. આ લાંબું અને લોહિયાળ યુદ્ધ દસ વર્ષ પછી વિસ્તારના સંપૂર્ણ વિનાશ અને પુનઃનિર્માણ સાથે સમાપ્ત થયું હતું. રશિયનો દ્વારા આરોપિત વ્યક્તિ અચેમેઝ

ગોચિયાયેવ હતો, જે મુસ્લિમ હતો પરંતુ ચેચન નહોતો. તે કરીના જાતિનો હતો. થોડાં વર્ષો પછી તે પણ રહસ્યમય રીતે ગાયબ થઈ ગયો અને ત્યારથી તેના વિશે ક્યારેય સાંભળ્યું નથી. એવી અટકળો હતી કે, બોમ્બ એફએસબી દ્વારા જ પ્લાન્ટ કરાયા હતા, જેનું નેતૃત્વ પુટિને થોડા મહિના પહેલા સુધી કર્યું હતું.

# ક્ષમા વીરસ્ય ભૂષણમ્ - આ ભીમ અને હનુમાનને જ શોભે

અન્વેષણ - C.A. પરેશ ભટ્ટ

હમણાં એક પ્રસંગ બનેલો એક ઈંગ્લીશ મીડીયમ સ્કૂલ પાસે ગાડી ઉભી રાખી દુકાને કોઈ વસ્તુ લેવા ગયો. આ સમયે અગિયારમું કે બારમું ભણતા યુવાનો વચ્ચે મારા મારી થઈ એમાં એક બે દુબળા પતલા યુવાનોને ચારપાંચ યુવાનોનએ ધોલ થપાટ મારી. પેલા દુબળા પતલા યુવાનો આમ પણ કંઇ કરી શકે એમ ન હતા. પેલા મારીને જતા રહ્યા એટલે કહે આપણે આવા લોકોની જોડે થોડી માથાકૂટ કરાય ! ફરગીવ ધેમ - માફ કરી દો તેમને. અરે ભાઈ તારી પાસે બીજો ઓપશન પણ ક્યાં છે ?

આજે ઘણા લોકો એમ કહે કે પૈસા પૈસા શું કરવાનું ? આટલું છે એટલે ઘણું , પણ ભાઈ વધારે કમાવાની ત્રેવડ પણ નથી પછી કહે શું ? અભાવો બ્રહ્મચર્યશ્ચ ઘરવાળી મળતી નથી એટલે બ્રહ્મચારી છે. સંસારમાં કોઈ ભાવ પૂછતું નથી એટલે સંન્યાસ લે છે એ સંન્યાસીની કોઈ કિંમત નથી.ત્યાં કોઈ સંઘરતા નથી એટલે અહીં સન્યાસમાં આવ્યો છે. આજે ઘણા સિનિયર સીટીઝન મંદિરમાં કે ટ્રસ્ટમાં સેવા આપે અને કહે રીટાયરમેન્ટ લાઈફમાં કંઈ પુણ્યનું કામ કરીએ પણ હકીકતે તેમને ઘરે કોઈ સંઘરતું નથી એટલે પરાણે અહીં આવીને સેવા કરે છે. ઘરના કહે કે તમે ઘરની બહાર જાવ તો નડતા બંધ થાવ અમને કઈ કામ સુઝે. આવા લોકોની સેવાને કોઈ કિંમત નથી. આવા માયકાંગલા,નમાલા કે પરાણે સેવાધારી કે બ્રહ્મચારીની કિંમત નથી.



બધી જ તાકાત હોય છતાં પણ જે ત્યાગ કરે છે એ ત્યાગને સુગંધ છે કિંમત છે. બાકી દ્રાક્ષ ખાટી છે એમ કહેનારા શિયાળને ઉપરવાળો ઓળખે જ છે.

ભીમ અને હનુમાન ઉપર કોઈ વાર કરે અને તેને માફ કરી દે તો તે માફીને કિંમત છે. આપણને એમ છે કે ભીમ એટલે ખૂબ ખાય અને ખૂબ મલ્લ યુદ્ધ કરે. પરંતુ ભીમની પ્રકૃતિ લડવાની હતી જ નહીં. જ્યારે જ્યારે પ્રસંગ આવ્યો છે ત્યારે ભીમ ન છુંટકે જ લડ્યો છે. દ્રૌપદી જ્યારે સૌરેંધરી તરીકે કામ કરતી હતી અને કિચક તેને હેરાન કરતો હતો ત્યારે ભીમ સિવાય એ કોઈને ફરિયાદ કરી શકે એમ ન હતી ત્યારે ભીમ કહે છે તેને કે તું એને સમજાવીને પ્રશ્ન ઉકેલ હું લડી લડીને થાકી ગયો છું. ભીમની પાસે રસોઈ ઉપરાંત રાજા મલ્લ યુદ્ધ ખૂબ કરાવતા હતા. આથી ભીમ કહે છે મને હવે લડવાની ઈચ્છા નથી. આમ છતાં કોઈ ઉકેલ ન આવતા, ના છૂટકે ભીમે કિચકને માર્યો છે. બાકી ભીમે ઘણા બધા લોકોને માફ કરી દીધા છે. ભીમની પ્રકૃતિ ઋજુ હૃદયની હતી. લડવું એ તેની પ્રકૃતિ વિરુદ્ધ હતું. આથી જ ન ગમતા કામની દાઝ ઉતારવા એ જે વ્યક્તિ સાથે લડવાનું બનતું ત્યારે તેના છોતરા કાઢી નાખતો.

આજ રીતે હનુમાનની પ્રકૃતિ પણ આવી જ હતી. મૂળ તો એ પણ ભીમના મોટાભાઈ જ. તેઓને પણ ન છૂટકે લડવું પડતું ત્યારે જ લડતા. આવા લોકો કોઈને માફી આપે તેની કિંમત હોય. નમાલા લોકોની માફીને થોડી કોઈ કિંમત છે ?. સતર વખત મથુરાને જીતાડયા બાદ કૃષ્ણ રણ છોડીને ભાગે તો તેને લોકો રણછોડરાય કી જય કહે. બાકી અન્ય લોકો ભાગે તો કાયરનું જ બિરુદ મળે !

શૌર્યવાન લોકોની માફીને કિંમત હોય. શ્રીમંત લોકોની સાદગીને કિંમત હોય. મુકેશભાઈ તેમને ત્યાં પ્રસંગે પોતે પીરસે તે સાદગીને નમ્રતાની વાતો થાય બાકી ભૂરાને ત્યાં લગ્ન હોય અને પીરસવાવાળા રાખવાની ત્રેવડ ન હોય અને પીરસે તો લોકો તેની નોંધ પણ ન લે.

અહીં એક પાતળી ભેદ રેખા પણ છે કે સાદગીનું નાટક છે કે હૃદયપૂર્વકની સાદગી છે એ પણ સમજવું જરૂરી છે. આજકાલ ચૂંટણીનો માહોલ છે એટલે ઘણા નેતાઓ સાદગીના નાટકો કરશે. રસ્તાઓ સાફ કરશે અરે ગરીબોના છોકરાઓ પણ સાફ કરશે. આવા વીડિયો પણ બધાએ જોયા છે. આથી જ જે સાદગી પાછળ કોઈ સ્વાર્થ સાધવાનો હેતુ છે એ સાદગી નથી પણ નાટક છે. એ જ રીતે કોઈ વિરોધ પક્ષ કોઈ કૃત્ય કરે છે જે માફી યોગ્ય નથી છતાં માફ કરે છે એ તેમનું ઔદાર્ય નથી પણ પોલિટિકલ ગેમ છે. આવી માફી ટેમ્પરરી હોય છે એક વખત ચૂંટણી પુરી થાય એટલે વળતો દાવ લઈ જ લેતા હોય છે તો આ ટેમ્પરરી માફીની પણ કોઈ કિંમત નથી.

આથી જ પાત્રતા કે ક્ષમતા ઉભી કર્યા બાદ શું કૃત્ય કરીએ છીએ, એ કૃત્ય પાછળનો હેતુ શું છે ? એ જાણ્યા પછી જ એ કૃત્યની કિંમત નક્કી થતી હોય છે.

# રેલ્વે સ્ટેશનો પર હવે મળશે સસ્તા ભાવે લોટ અને ચોખા

## પ્રોજેક્ટ હેઠળ પસંદગીના સ્ટેશનો પર યોજના શરૂ કરી

કરંટ ટોપિક




ટ્રેન દ્વારા મુસાફરી પૂરી પાડવા ઉપરાંત ભારતીય રેલવે દેશમાં બીજી નવી પહેલ શરૂ કરી છે હવે તમને રેલવે સ્ટેશન ઉપર ટિકિટ ઉપરાંત રાશન સામગ્રી પણ મળશે. ભારતીય રેલવે ત્રણ મહિના માટે પાયલટ પ્રોજેક્ટ શરૂ કર્યો છે. મોંઘવારી પર અંકુશ મેળવવા માટે કેન્દ્ર સરકારે ભારત બ્રાન્ડ હેઠળ સસ્તા ભાવે લોટ અને ચોખા ઉપલબ્ધ કરાવ્યા છે. હવે ભારતીય રેલ્વેએ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પસંદગીના સ્ટેશનો પર લોટ અને ચોખા પ્રદાન કરવાની યોજના શરૂ કરી છે.

આ પાયલટ પ્રોજેક્ટ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા સસ્તા ભાવે લોટ અને ચોખા આપવામાં આવશે. આ સમગ્ર સિસ્ટમ પર એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ કમર્શિયલ મેનેજર દ્વારા દેખરેખ રાખવામાં આવશે વેચાણની જવાબદારી એક એજન્સીને સોંપવામાં આવશે આ એજન્સી ત્રણ મહિના સુધી વેચાણનું કામ કરશે એમ એક મીડિયા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી છે.

કેટલાક મહિનાઓ પહેલા લોકોને મોંઘવારીથી બચાવવા માટે કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે ભારત બ્રાન્ડ ચોખા અને લોટનું વેચાણ શરૂ કર્યું હતું, જેમાં ભારત બ્રાન્ડ લોટનો ભાવ ૨૭.૫૦ રૂપિયા પ્રતિ કિલો અને ભારત બ્રાન્ડ ચોખાનો ભાવ ૨૯ રૂપિયા પ્રતિ કિલો રાખવામાં આવ્યો હતો. રેલ્વે સ્ટેશન ઉપર પણ હવે આ જ લોટ અને ચોખા વેચવાની તૈયારીઓ કરવામાં આવી છે.

હાલમાં લોટ અને ચોખા ત્રણ મહિના માટે વેચવામાં આવશે અને જો આ યોજના સફળ થશે તો તમામ સ્ટેશનો પર તેનો વેચાણ શરૂ કરવામાં આવશે. જે સ્ટેશન પર તેનું વેચાણ કરવામાં આવશે ત્યાં સાંજે એક વાન પાર્ક કરવામાં આવશે જેમાંથી લોટ અને ચોખાનું વેચાણ કરવામાં આવશે. સાંજે માત્ર બે કલાક મોબાઈલ વાન દ્વારા માત્ર ભારત આટા અને ભારત ચોખાનું વેચાણ કરવામાં આવશે. આ પછી મોબાઈલ વાન સ્ટેશન પરિસરથી રવાના થશે. વિક્રેતાઓ મોબાઈલ વાન પર માત્ર બેનર લગાવી શકશે. તેઓ કોઇ જાહેરાત નહીં કરી શકે.

જાણવા મળ્યા મુજબ શરૂઆતમાં આ સુવિધા ૫૦૫ રેલવે સ્ટેશન ઉપર શરૂ કરવામાં આવશે, જેમાં લખનઊ, ગોરખપુર, છપરા, બનારસ સહિત ઘણા સ્ટેશનો સામેલ છે.દિલ્હી-મુંબઈ જેવા મહાનગરોમાં લોકો પાસે સમય ઓછો છે. સવારે ઘરેથી ઓફિસ જવામાં અને સાંજે ઓફિસથી પાછા ફરવામાં ઘણો સમય પસાર થાય છે. આવી સ્થિતિમાં લોકો સ્ટેશનની આસપાસથી શાકભાજી ખરીદે છે. હવે તેઓ રેલ્વે સ્ટેશન પરથી જ સસ્તા દરે ચોખા અને લોટ ખરીદી શકશે.

દેશભરમાં જ્યારે ટામેટા અને ડુંગળીના ભાવ આત્માને પહોંચ્યા હતા ત્યારે ડુંગળી અને ટામેટા પણ ભારત બ્રાન્ડ હેઠળ વેચાતા હતા. બજારમાં ખાદ્ય ચીજવસ્તુઓની વધતી જતી કિંમતોને કારણે સરકાર લોકોને “ભારત બ્રાન્ડ”ના નામથી વાજબી ભાવે લોટ, ચોખા અને કઠોળ પુરી પાડી રહી છે. સરકારની આ વ્યવસ્થાથી મધ્યમ વર્ગના લોકોને રાહત મળી રહી છે.

# લોકસભાની ભાવનગરની બેઠકનો અનોખો ઇતિહાસ

## ભારતીબહેન શિયાળ ભાવનગર બેઠક પરથી ચૂંટાયેલાં પ્રથમ મહિલા સાંસદ છે હવે નીમુબહેન બાંભણિયા બીજાં મહિલા સાંસદ બનશે, રાજુભાઈ રાણા સતત છ વખત ભાવનગરના સાંસદ બન્યા, ભાવનગર લોકસભા બેઠક પર સૌપ્રથમ વખત ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર ગીગાભાઈ ગોહિલ વિજેતા થયા હતા





ચૂંટણી આમ જનતા માટે રસનો વિષય છે જેને રાજકારણ સાથે કોઈ જ લેવા દેવા નથી એવા લોકો પણ કલાકો સુધી ચર્ચાઓ કરે છે અને પોતે કંઈક જાણે છે. કેમ સામી વ્યક્તિ પોતાનું રાજકીય જ્ઞાન પીરસે છે અને આનંદ અનુભવાય છે ભાવનગરમાં મોટાભાગના સિનિયર સીટી જમીન નવરાશના સમયે રાજકારણનું જ્ઞાન પ્રાપ્ત કરે છે અને તેનો લાભ બીજાને આપે છે આમાંથી ઘણા લોકો અભ્યાસ પણ કરે છે અને એનાલિસિસ પણ કરે છે ભાવનગર ની બેઠકની રાજકારણ અનોખું છે તેનો ઇતિહાસ પણ અનોખો છે આ વખતની વાત કરીએ તો

ભાવનગર લોકસભા બેઠકથી ભાજપે બે ટર્મથી સાંસદ ડો. ભારતીબહેન શિયાળની ટિકિટ કાપીને પક્ષનાં જ સિનિયર મહિલા નેતા નીમુબહેન બાંભણિયાને ટિકિટ આપી છે. ભાવનગરમાં ચર્ચા ચાલી રહી છે.

જ્યારે સામે પક્ષે બોટાદના આમ આદમી પાર્ટીના વર્તમાન ધારાસભ્ય ઉમેશ મકવાણાને ટિકિટ અપાઈ છે. અહીં કોંગ્રેસ અને આપ સંયુક્ત રીતે ચૂંટણી લડી રહ્યાં છે. ડો. ભારતીબહેનની જેમ નીમુબેન પણ તળપદા કોળી સમાજમાંથી આવે છે, જેના ભાવનગર લોકસભા બેઠકમાં ૪૨ ટકાથી વધુ મતદારો છે.

બે દાયકા કરતાં વધુ સમયથી ભાજપ સાથે જોડાયલાં નીમુબેન બાંભણિયાએ પક્ષ વતી વિવિધ જવાબદારી નિભાવી છે. તેમણે બે ટર્મ ભાવનગરનાં મેયર તરીકે પણ કામ કર્યું છે. પક્ષનાં જૂનાં નેતા નીમુબહેન બાંભણિયાબી.એસ.સી. અને બી.એડ.ની ડિગ્રી ધરાવતાં નીમુબહેન બાંભણિયા વ્યવસાયે શિક્ષકા હતાં.

ભાવનગરના રાજકરણને એક નવી દિશા આપનાર નિમુબેન ''૨૨ વર્ષ પહેલાં ભાજપમાં જોડાયાં હતા અને ત્યાર બાદ તેમણે સતત પક્ષમાં વિવિધ જવાબદારીઓ નિભાવી છે. સંગઠનમાં અને મહિલા મોરચામાં કામ કરવા ઉપરાંત તેઓ જિલ્લા પ્રભારી અને ચૂંટણી નિરીક્ષક તરીકેનો ચાર્જ પણ તેમણે સંભાળ્યો છે.''

તળપદા કોળી સમાજમાં પણ અલગઅલગ કાર્યો તેઓ કરતાં રહે છે. ૨૦૧૧થી ૨૦૧૬ સુધી તેમણે ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું છે. હાલ તેઓ જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રભારી તરીકેની જવાબદારી નિભાવી રહ્યાં છે.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

નીમુબહેનનું કામ ઘણું સારું છે લોકોના પ્રસંગે ઉકેલો આમાં તેને પ્રયાસો કર્યા છે અને તેમાં સફળતા પણ મેળવી છે આથી તેઓ ભાવનગરની બેઠક પરથી ૧૦૦% જીતે એવી શક્યતાઓ ભાજપના એક અગ્રણી રાકેશભાઈ અજવાળીયાએ વ્યક્ત કરી છે.

બીજી મહત્વની વાત એ છે કે આ પહેલા ભાવનગરમાં મહિલા સાંસદ ડોક્ટર ભારતીબેન શિયાળ બન્યા હતા તેમણે ભાવનગર માટે ઘણા સારા કાર્ય કર્યા છે

''ડો. ભારતીબહેન શિયાળ ભાવનગર ના પ્રશ્નો માટે સતત જાગૃત રહ્યા હતા. રેલવે તેમજ એરપોર્ટના પ્રશ્નો પણ તેમણે સફળતાપૂર્વક ઉકેલ્યા છે.

ભારતીબેને ભાવનગર શહેરના વિકાસ માટે સારો રસ લીધો છે ઘણા પ્રશ્નો ઉકેલ્યા જ છે અને હજુ પણ તેઓ લોકોના પ્રશ્નો ઉકેલવામાં પૂરો રસ ધરાવે છે પક્ષના એક સારામાં સારા મહિલા કાર્યકર છે અને સારા સહયોગી છે પરંતુ પક્ષની અંદર કેટલાક લોકોની નારાજગી હોવાથી તેમને રિપ્લેસ કરવામાં આવ્યા હોવાનું કહેવાય છે.

લોકસભા ચૂંટણીમાં ભાવનગર બેઠકનું ગણિત શું છે? તે જાણવા જેવું છે ભાવનગર (લોકસભા બેઠક નંબર-૧૫) બેઠકમાં તળાજા, પાલિતાણા, ભાવનગર ગ્રામીણ, ભાવનગર પૂર્વ, ભાવનગર પશ્ચિમ, ગઢડા તથા બોટાદ વિધાનસભા બેઠકોનો સમાવેશ થાય છે. ૨૦૦૯ પછી ભાવનગર લોકસભા બેઠકના સીમાંકનમાં ફેરફાર કરવામાં આવ્યા હતા, જેમાં ભાવનગરની લોકસભા બેઠકમાંથી મહુવા અને ગારિયાધારને બાદ કરી દેવામાં આવ્યા હતા. બોટાદ અને ગઢડાને ભાવનગરની લોકસભા બેઠકમાં સમાવવામાં આવ્યા છે જ્યારે મહુવા અને ગારિયાધાર વિધાસભા બેઠકોને અમરેલીની લોકસભા બેઠકમાં સમાવવામાં આવી છે.

ગુજરાત રાજ્ય ચૂંટણીપંચ અનુસાર ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાવનગર બેઠકમાં ૯,૧૯,૮૮૩ પુરુષ, ૮,૪૭,૧૨૨ મહિલા અને ૩૫ અન્ય સહિત કુલ ૧૭,૬૭,૦૪૦ મતદાતા નોંધાયા હતા.

૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપે મહિલા ઉમેદવાર ડો. ભારતીબહેન શિયાળને ભાવનગર બેઠકથી ઉમેદવાર બનાવ્યાં હતા. ૨૦૧૪માં તેમણે કોંગ્રેસના પ્રવીણ રાઠોડને પરાજય આપ્યો હતો. ૨૦૧૯ની ચૂંટણીમાં કોંગ્રેસના મનહર પટેલને ૨૯૫૪૮૮ મતોથી હરાવ્યા હતા.

ડો. ભારતીબહેન શિયાળ આ બેઠક પરથી ચૂંટાયેલાં પ્રથમ મહિલા સાંસદ છે. હવે જો નીમુબહેન બાંભણિયા ચૂંટાય તો બીજાં મહિલા સાંસદ બનશે.

ભાજપે છ વાર ચૂંટણી જીતી અને બેઠક ભાજપ પાસે જ રહી ભાવનગર લોકસભા બેઠક પર સૌપ્રથમ વખત ૧૯૮૦માં કોંગ્રેસના ઉમેદવાર ગીગાભાઈ ગોહિ?લ વિજેતા થયા હતા.

ત્યાર બાદ ૧૯૮૪માં પણ ફરી એક વખત ગીગાભાઈ ગોહિ?લે ભાવનગરનું લોકસભામાં પ્રતિનિધિત્વ કર્યું હતું. પછીની ૧૯૮૯ ચૂંટણીમાં ગીગાભાઈ ગોહિ?લના સ્થાને તેમના સંબંધી શશિકાંતભાઈ જમોદને કોંગ્રેસે ટિકિટ ફાળવી અને તેઓ પણ ચૂંટાઈ આવ્યા હતા.

ભાજપે પ્રથમ વખત ભાવનગર બેઠક ૧૯૯૧માં જીતી હતી અને ત્યાર બાદ આ બેઠક સતત ભાજપ પાસે જ રહી છે. ભાજપે છ વખત આ બેઠક જીતી છે અને છએ છ વખત ક્ષત્રિય ઉમેદવાર વિજેતા થયા છે. જેમાં એક વખત ડો. મહાવીરસિંહ ગોહિલ અને પાંચ વખત રાજુભાઈ રાણા, તો ૨૦૧૪માં ભાજપમાંથી કોળી ઉમેદવાર ડો. ભારતીબહેન શિયાળ વિજેતા થયાં હતાં. ભાવનગર લોકસભાની આ બેઠક રાષ્ટ્રદ્ધ્વ ઇતિહાસ ધરાવે છે અહીં ભાજપનો દબદબો રહ્યો છે અને કાયમ રહેવાનો છે

# ગુજરાત ટાઈટન્સે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને ૩ વિકેટે હરાવ્યું



### આ સિઝનમાં રાજસ્થાનની આ પ્રથમ હાર, પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૧૯૬ રન બનાવ્યા હતા

મુંબઈ,

ગુજરાત ટાઈટન્સે રોમાંચક મેચમાં રાજસ્થાન રોયલ્સને ૩ વિકેટે હરાવ્યું હતું. આ સિઝનમાં રાજસ્થાનની આ પ્રથમ હાર છે. પ્રથમ બેટિંગ કરતા રાજસ્થાને ૧૯૬ રન બનાવ્યા હતા. જવાબમાં ગુજરાતે ૭ વિકેટ ગુમાવીને મેચ જીતી લીધી હતી. છેલ્લા બોલ પર ટીમે મેચ જીતી લીધી હતી. રાજસ્થાન તરફથી સંજુ સેમસને ૬૮ રનની અણનમ ઈનિંગ રમી હતી. રિયાન પરાગે ૭૬ રન બનાવ્યા હતા. આ દરમિયાન ગુજરાત તરફથી ઉમેશ યાદવ, રાશિદ ખાન અને મોહિત શર્માએ એક-એક વિકેટ લીધી હતી.

ગુજરાતની જીતમાં રાશિદ ખાને મહત્વની ભૂમિકા ભજવી હતી. તેણે ૧૧ બોલમાં ૨૪ અણનમ રન બનાવ્યા હતા. રાહુલ તેવટિયાએ ૨૨ રન બનાવ્યા હતા. શુભમન ગિલે ૭૨ રનની ઈનિંગ રમી હતી. સાઈ સુદર્શને ૩૫ રન બનાવ્યા હતા.

# સંજય લીલા ભણસાલીની હીરામંડીનું ટ્રેલર સામે આવ્યું

મુંબઈ,

સંજય લીલા ભણસાલીની ફિલ્મ હીરામંડીને લઈને ઉત્સાહનો માહોલ છે. તે ભારતમાં બનેલી અત્યાર સુધીની સૌથી મોંઘી વેબ સિરીઝ માનવામાં આવે છે. આ સીરીઝનું પોતાનું હિસ્ટોરિકલ બેકગ્રાઉન્ડ છે અને સંજય લીલા ભણસાલી હંમેશા આવા પ્રોજેક્ટ્સમાં નિષ્ણાત રહ્યા છે. હવે તેની વેબ સિરીઝ આવવાની છે. ઘણા સમયથી ચર્ચા હતી કે તેનું ટ્રેલર રિલીઝ થઈ શકે છે. હવે નિર્માતાઓએ પોતે જ ખુલાસો કર્યો છે કે આ ફિલ્મનું ટ્રેલર ક્યારે રિલીઝ થશે. નેટફ્લિક્સ અને ભણસાલી પ્રોડક્શન્સે હવે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ દ્વારા જાહેર કર્યું છે કે જ્યારે હીરામંડીનું ટ્રેલર આવી રહ્યું છે. સીરીઝનું પોસ્ટર શેર કરતી વખતે મેકર્સે





લખ્યું – સંજય લીલા ભણસાલીની પ્રથમ વેબ સીરીઝ હીરામંડી – ધ ડાયમંડ બજારનું ટ્રેલર આજે એટલે કે ૦૯ એપ્રિલે રિલીઝ થવા જઈ રહ્યું છે. જેમાં હીરામંડીના સુંદર અને લક્ઝુરિયસ સેટ બતાવવામાં આવશે.

# આ મારી છેલ્લી આઇપીએલ સિઝન છે આરસીબીના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિક

મુંબઈ,

આઈપીએલ ૨૦૨૪ની શરૂઆત રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર માટે ખૂબ જ ખરાબ રહી છે. ફાફ ડુ પ્લેસિસની આગેવાની હેઠળની રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે આ આઈપીએલ સિઝનમાં અત્યાર સુધી કુલ ૫ મેચ રમી છે, પરંતુ તે માત્ર એક જ મેચ જીતવામાં સફળ રહી છે. આવી સ્થિતિમાં ફરી એકવાર આરસીબી પ્લેઓફમાંથી બહાર થાય તેમ લાગી રહ્યું છે.આરસીબી હાલમાં ૫માંથી એક જીત સાથે પોઈન્ટ ટેબલમાં નવમા સ્થાને છે. આવી સ્થિતિમાં આરસીબીના એક અનુભવી



ખેલાડીએ તેના ચાહકોને મોટો ઝટકો આપ્યો છે. આરસીબીના દિગ્ગજ ખેલાડીએ જાહેરાત કરી છે કે આ તેની છેલ્લી આઈપીએલ સિઝન છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના દિગ્ગજ ખેલાડી દિનેશ કાર્તિકે પોતાના નિવેદનથી બધાને ચોંકાવી દીધા છે. અત્યારે પણ જયારે આરસીબીને રનની જરૂર હોય છે ત્યારે ચાહકો તેને યાદ કરે છે. પરંતુ હવે દિનેશ કાર્તિકે આઈપીએલમાંથી નિવૃત્તિ લેવાનો નિર્ણય લીધો છે. કાર્તિકના આ નિર્ણયથી માત્ર ફ્રેન્ચાઈઝીને જ ઝટકો નથી લાગ્યો પરંતુ તેના લાખો ચાહકોને પણ ઝટકો લાગ્યો છે. દિનેશ કાર્તિકે ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન નાસિર હુસૈન સાથે વાતચીત દરમિયાન કહ્યું કે, “આ મારી છેલ્લી આઈપીએલ સિઝન છે.

# ટાઈગર શ્રોફ અને દિશા પટની વચ્ચે પેચઅપ થયું ? અભિનેતાએ ખુલાસો કર્યો

મુંબઈ,

આ દિવસોમાં બોલિવૂડ એક્ટર ટાઈગર શ્રોફ અને અક્ષય કુમાર તેમની આગામી ફિલ્મ બડે મિયાં ઔર છોટે મિયાંના પ્રમોશનમાં વ્યસ્ત છે. આવી સ્થિતિમાં ટાઈગર શ્રોફે પહેલીવાર પોતાના રિલેશનશિપ સ્ટેટસ વિશે ખુલીને વાત કરી અને ઘણા મોટા ખુલાસા પણ કર્યા.

ટાઈગર શ્રોફનું નામ ઘણીવાર દિશા પટણી સાથે જોડાય છે. ભલે તેમનો સંબંધ સમાપ્ત થઈ ગયો હોય, પરંતુ ચાહકો હજી પણ આ જોડીને સાથે જોવાનું પસંદ કરે છે. જો કે, બંનેએ ક્યારેય આ સંબંધને સ્વીકાર્યો ન હતો અને હંમેશા એકબીજાને નજીકના મિત્રો કહેતા હતા. હાલમાં જ અભિનેતાએ જણાવ્યું કે તે હાલમાં કોને ડેટ કરી રહ્યો છે.આ મુજબ જ્યારે ટાઈગર શ્રોફને પૂછવામાં આવ્યું કે શું તે સિંગલ છે? તમારું જીવન કઈ દિશામાં જઈ રહ્યું છે? આ પ્રશ્નનો જવાબ આપતા અભિનેતાએ કહ્યું, ‘મારી પાસે જીવનમાં એક જ દિશા છેપ અને તે છે મારું કામ. તમને જણાવી દઈએ કે આ પહેલા ફિલ્મ બડે મિયાં ઔર છોટે મિયાંના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં અક્ષય કુમારે ટાઈગર શ્રોફની મજાક ઉડાવી હતી



# રાજામૌલીની ૧૦૦૦ કરોડના બજેટની ફિલ્મમાં આમિરખાનની એન્ટ્રી થશે



મુંબઈ,

એસએસ રાજામૌલી અને મહેશ બાબુ દેશની સૌથી મોંઘી ફિલ્મ બનાવવા જઈ રહ્યાં છે. ૧૦૦૦ કરોડમાં બની રહેલી ફિલ્મમાં ખાસ રોલ માટે રાજમૌલીએ તેમને એપ્રોચ કર્યા છે. સાથે જ આને લઈને એક ગુપ્ત મુલાકાત કરી હોવાની વાત પણ સામે આવી રહી છે.

લાલ સિંહ ચઢ્ઢા ફિલ્મ ફ્લોપ થયા બાદથી આમિર ખાન મોટા પડદાથી દૂર છે. તેણે હજુ સુધી કોઈ ફિલ્મ સાઈન કરી નથી. પરંતુ હવે સમાચાર આવી રહ્યા છે કે આમિર ખાન દિગ્ગજ નિર્દેશક એસએસ રાજામૌલીની આગામી ફિલ્મનો ભાગ બની શકે છે. વાસ્તવમાં ઘણા સમયથી ચર્ચા ચાલી રહી છે કે આમિર રાજામૌલી અને મહેશ બાબુની આગામી ફિલ્મમાં વિલન બની શકે છે. જો કે, લાંબા સમય સુધી મેકર્સ અને આમિર તરફથી આ અંગે કંઈ કહેવામાં આવ્યું ન હતું, જેના કારણે એવું માનવામાં આવતું હતું કે આ એક અફવા છે. પરંતુ હવે આ ફિલ્મ સાથે જોડાયેલ લેટેસ્ટ અપડેટને કારણે આવી ચર્ચાઓ ફરી તેજ થઈ ગઈ છે.

એસએસ રાજામૌલી અને મહેશ બાબુ દેશની સૌથી મોંઘી ફિલ્મ બનાવવા જઈ રહ્યાં છે. હાલ આ ફિલ્મને એસએસએસએમબી ૨૯ નામ આપવામાં આવ્યું છે. હાલ ફિલ્મનાં પ્રોડક્શન પર કામ ચાલી રહ્યું છે. અહેવાલો અનુસાર, બાહુબલી ફેમ ડાયરેક્ટર રાજામૌલી અને આમિર ખાને થોડા દિવસો પહેલા મુંબઈમાં એક ગુપ્ત મુલાકાત કરી હતી. બંનેની આ ગુપ્ત મુલાકાત બાદ ફરી એવું કહેવામાં આવી રહ્યું છે કે આ મીટિંગ રાજામૌલી અને મહેશ બાબુની એસએસએમબી૨૯ માટે હતી. જો કે હજુ સત્તાવાર રીતે કંઈ પણ કહી શકાય તેમ નથી.

રિપોર્ટ્સમાં કહેવામાં આવી રહ્યું છે કે રાજામૌલીએ એસએસએમબી ૨૯માં મહત્ત્વની ભૂમિકા માટે આમિર ખાનનો સંપર્ક કર્યો છે. જો આ સમાચાર સાચા હોય અને આમિર આ પ્રોજેક્ટનો ભાગ બને તો ચાહકોએ બીજી મોટી ફિલ્મ માટે તૈયાર થઈ જવું જોઈએ.

# મ્યાનમારમાં સેનામાં ભરતી ન થનાર યુવાનો જેલ ભેગા થઈ રહ્યા છે

મ્યાનમાર

મ્યાનમારમાં લશ્કરી બળવા બાદ સૈન્ય શાસનને ત્રણ વર્ષથી વધુ સમયગાળો થયા બાદ કેટલાક સવાલ થઈ રહ્યા છે. સમય વીતવાની સાથે જ લોકશાહીનું સમર્થન કરનાર લોકોને હેરાન કરવાનો સિલસિલો વધુ તીવ્ર બની રહ્યો છે. અલબત્ત સેનાની ક્રૂર કાર્યવાહીની સાથે જ તેને લઈને વિરોધ પણ વધી રહ્યો છે. ગ્રામીણ વિસ્તારોમાં બળવાખોરો સતત સેનાને પડકાર ફેંકી રહ્યા છે.આવી સ્થિતિમાં સેનાને કાર્યવાહી તીવ્ર કરવા માટે વધુ સૈનિકોની જરૂર છે. જેથી તે યુવાનોને સેનામાં સામેલ કરવા માટે ઈચ્છુક છે.જોકે યુવાનો સેનામાં સામેલ થવા માટે તૈયાર નથી. વિરોધ રોકવા માટે સેનાએ ફેબ્રુઆરીમાં આદેશ જારી કર્યો હતો. તે મુજબ ભરતી માટે ઈક્કાર કરનાર લોકોની ધરપકડ કરવા માટે ખાસ અભિયાન ચલાવવામાં આવશે. વિરોધ કરનાર યુવાનોને પાંચ વર્ષ સુધીની જેલની સજા કરવામાં આવશે.

# સલમાનની મજાક ઉડાવતા કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ ઈન્દોરમાં પોલીસ ફરિયાદ

ઈન્દોર,

કોમેડિયન કુણાલ કામરા વિરુદ્ધ મધ્યપ્રદેશના ઈન્દોરમાં પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. મુંબઈના સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફૈઝાન અંસારીએ અભિનેતા સલમાન ખાનની મજાક ઉડાવવા બદલ પોલીસ ફરિયાદ નોંધાવી છે. ફૈઝાન અંસારીએ પોલીસ કમિશનરને કામરા સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે. ફૈઝાન અંસારીએ એમ પણ કહ્યું છે કે જો કુણાલ કામરા માફી નહીં માગે તો તે તેની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરશે.

ઈન્દોર કમિશનરની ઓફિસમાં ફરિયાદ અરજી દાખલ કર્યા બાદ ફૈઝાન અંસારીએ કહ્યું કે કુણાલ કામરાએ સલમાન ખાન વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરી હતી અને ઈન્દોરમાં તેની મજાક ઉડાવી હતી. તેથી જ તેઓ પોતાની ફરિયાદ નોંધાવવા ખાસ કરીને મુંબઈથી ઈન્દોર નોંધાવી છે.

કુણાલ કામરા વિરુદ્ધ નોંધાયેલી ફરિયાદમાં કહેવામાં આવ્યું છે કે, ‘સલમાન ખાન ઈન્દોરનો રહેવાસી છે. હાલમાં જ કોમેડિયન કુણાલ કામરાએ એક લાઈવ શોમાં તેની મજાક ઉડાવી હતી. આ દ્વારા તેમની છબીને ખરડાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે જે કાયદા હેઠળ સજાપાત્ર ગુનો છે. તેથી તેમની સામે ૫૦ કરોડ રૂપિયાનો માનહાનિનો કેસ દાખલ કરવામાં આવશે. સલમાન ખાન આ શહેરનો છે, તેથી લોકોને ખબર હોવી જોઈએ કે તેની ઈમેજ ખરાબ કરવા બદલ કેવા પ્રકારની સજા આપવામાં આવે છે.

# શૈલેષ લોઢા પછી ‘બબીતાજી’ તારક ‘મહેતા કા ઉલ્ટા ચશ્મા’ છોડશે?



મુંબઈ,

તારક મહેતા કા ઉલ્ટા ચશ્માના કલાકારો એક પછી એક શોને છોડી રહ્યા છે. થોડા સમય અગાઉ તારક મહેતા એટલે કે શૈલેષ લોઢાએ શો છોડવાના સમાચાર આવ્યા હતા. પ્રશંસકો આ સમાચારમાંથી બહાર નીકળી શક્યા ન હતા કે વધુ એક ખરાબ સમાચાર સામે આવ્યા છે. સૂત્રો મુજબ, બબીતાજી એટલે કે મુનમુન દત્તા પણ શોને અલવિદા કહી શકે છે.

મુનમુન દત્તાએ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’થી ઘણી લોકપ્રિયતા મેળવી છે. દર્શકો તેને બબીતાજીના નામથી સારી રીતે ઓળખે છે. આવી સ્થિતિમાં, તેના શો છોડવાના સમાચારથી ચાહકો ચોક્કસપણે નિરાશ થશે. મુનમુનને બિગ બોસ ઓટીટીના નિર્માતાઓએ તેની બીજી સિઝનમાં ભાગ લેવા માટે સંપર્ક કર્યો છે. જોકે, જો અભિનેત્રી આ માટે સંમત થાય છે તો એવી શક્યતા છે કે તે શો છોડી શકે છે. મુનમુન દત્તા વિશેના આ સમાચાર સોશિયલ મીડિયા પર જંગલની આગની જેમ ફેલાઈ ગયા છે. જોકે, આ અંગે કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી.

શૈલેષ લોઢાએ થોડા સમય પૂર્વે જ ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શોને અલવિદા કહી દીધું છે. શૈલેષ લોઢા શરૂઆતથી જ આ શો સાથે જોડાયેલા હતા અને તેમની અને જેઠાલાલની મિત્રતા જોવા જેવી હતી. હવે તે ‘વાહ ભાઈ વાહ’ શોને હોસ્ટ કરશે. તેણે તેનું શૂટિંગ પણ શરૂ કરી દીધું છે. આ શોમાં આવનાર કવિઓને તેમની પ્રતિભા દર્શાવવાનો મોકો મળશે.

# માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી

## રશિયન કોન્સર્ટ હોલ હુમલાખોરની કબૂલાત

મોસ્કો,

મોસ્કોમાં ભરચક કોન્સર્ટ હોલમાં હુમલો કરનાર આતંકવાદીઓએ માત્ર ૯ લાખ રૂપિયામાં ૧૪૫ લોકોની હત્યા કરી હતી. હુમલા બાદ આ આતંકીઓ યુક્રેન ભાગી જવાના હતા. આ માટે તેણે બે રસ્તા પસંદ કર્યા હતા. સરહદ પર એક વ્યક્તિ મળવા જઈ રહ્યો હતો જે આતંકવાદીઓને યુક્રેનની સરહદમાં પ્રવેશવા દેશે. કિવમાં તેને રોકડ રકમ ચૂકવવાની હતી. આતંકીઓએ ખુદ રશિયાની ફેડરલ સિક્યુરિટી સર્વિસ સમક્ષ આ વાતની કબૂલાત કરી છે. ગયા મહિને, ૨૨ માર્ચે, ચાર તાજિક નાગરિકોએ મોસ્કોના ક્રોકસ સિટી હોલમાં અંધાધૂંધ ગોળીબાર કર્યો અને બિલ્ડિંગને આગ લગાવી દીધી. આ હુમલામાં લગભગ ૧૪૫ લોકો માર્યા ગયા હતા અને ૫૦૦ થી વધુ ઘાયલ થયા હતા. હુમલાખોરો યુક્રેન ભાગી જવાનો પ્રયાસ કરી



રહ્યા હતા ત્યારે તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ પછી, વધુ શકમંદોની પણ ધરપકડ કરવામાં આવી હતી, જેમાંથી મોટાભાગના તાજિક મૂળના હતા. મોસ્કો પરના હુમલાની જવાબદારી જેહાદી જૂથ ઈસ્લામિક સ્ટેટ ખોરાસન પ્રાંત અથવા ISIS દ્વારા લેવામાં આવી હતી, જોકે ફેડરલ સિક્યુરિટી સર્વિસના વડા, એલેક્ઝાંડરનું માનવું હતું કે આ હુમલામાં યુએસ, યુકે અને યુક્રેન પણ સામેલ હોઈ શકે છે. તેમણે આશંકા વ્યક્ત કરી હતી કે આ દેશનો ઉપયોગ ઈસ્લામવાદીઓ માટે પ્રોક્સી તરીકે થઈ રહ્યો છે. એફએસબીના જણાવ્યા અનુસાર, સૈફુલ્લાહ મોસ્કોમાં હુમલો કરનારા આતંકવાદીઓનો હેન્ડલર હતો. આતંકવાદીઓ તેની સૂચનાનું પાલન કરી રહ્યા હતા. [illegible] દ્વારા જાહેર કરવામાં આવેલા વીડિયોમાં પણ આતંકી તેનો ઉલ્લેખ કરતો જોવા મળી રહ્યો છે. તેમના કહેવા પ્રમાણે, હુમલા બાદ આતંકીઓને યુક્રેન ભાગી જવા માટે કહેવામાં આવ્યું હતું. જ્યાં તેમને ૧૦ લાખ રુબેલ્સ એટલે કે અંદાજે ૯ લાખ રૂપિયા પ્રતિ વ્યક્તિ મળવાના હતા. હુમલાના આરોપીએ જણાવ્યું કે સૈફુલ્લાહે કહ્યું હતું કે યુક્રેનની સરહદે પહોંચો, ત્યાંથી અમે યુક્રેન પહોંચવામાં મદદ કરીશું. મોસ્કોમાં હુમલાના આરોપી આતંકવાદીઓને યુક્રેનની સરહદથી લગભગ ૧૪૦ કિમી દૂર રોકવામાં આવ્યા હતા. આરોપીએ જણાવ્યું કે તેને કારને યુક્રેન બોર્ડર પર મૂકવા અને પછી હેન્ડલરને આગળની સૂચનાઓ માટે કૉલ કરવા માટે રોકવા માટે કહેવામાં આવ્યું. રશિયન અધિકારીઓના જણાવ્યા અનુસાર, યુક્રેન સરહદ પર ચુયકોવકા અને સોપિચ ગામોની નજીક યુક્રેન સતત વિનાશક ગતિવિધિઓ કરી રહ્યું છે.

સૌરાષ્ટ્ર આસપાસ

# રાજકોટ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસો.ના પૂર્વ પ્રમુખોનાં સન્માન કરાયા




રાજકોટ,

રાજકોટ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસિએશનની મળેલી સામાન્ય સભામાં પૂર્વ પ્રમુખોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ૯૪ વર્ષની જૈફ વયના વી.એન.રાવલ તથા હિરાભાઇ માણેક જેવા પાયાના પથ્થર સમાન રાહબરોનું સન્માન કરવામાં આવ્યું હતું.

રાજકોટ ગુડ્સ ટ્રાન્સપોર્ટ એસોસિએશનની સામાન્ય સભા અને અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસિએશનની કારોબારી બેઠક રાજકોટ ખાતે મળી હતી. આ બેઠકમાં જિલ્લા અને તાલુકાના ટ્રાન્સપોર્ટ વ્યવસાય સાથે સંકળાયેલા સંગઠનોએ પોતાને પડી રહેલી તકલીફોની આપલે કરી અને સમાધાન માટે ચર્ચા વિચારણા કરી જરૂરી નિર્ણય લેવાયા હતાં.આ પ્રસંગે ૧૯૪૫થી અત્યાર સુધીના તમામ માજી પ્રમુખોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે ૫૦ વર્ષ જુની ટ્રાન્સપોર્ટ પેઢીઓ, સંગઠન ને મજબૂત કરવા માટે સભ્યોએ દાખવેલી ઈમાનદારી, મહેનતને એક વિશેષ સન્માનથી બિરદાવવામાં આવી હતી. ૯૪ વયના વી.એન.રાવલે ૪૦ વર્ષ સંસ્થાની સેવામાં અર્પણ કર્યા તેની સુખદ પળોને વાગોળી હતી. હિરાભાઇ માણેકે પણ પોતાના કાર્યકાળ અને સંસ્થાની કાર્યપદ્ધતિથી યુવા પેઢીને પ્રોત્સાહિત કરી હતી.

સંસ્થાના માજી પ્રમુખે રાજ્ય સરકારના વિવિધ પદો પર સંભાળેલી પોતાની જવાબદારીઓ વિશે તમામને માહિતગાર કર્યા હતા. હાલ આરટીઓ, જીએસટી, ટોલ પ્લાઝા, વીમાને લઈ મુંજવતા પ્રશ્નો પર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ સાથે એવેબીલને લઈને પડતી તકલીફોને નિવારવા માટે સોફટવેર કંપનીને બોલાવી દરેક ટ્રાન્સપોર્ટરને સરળતાથી સમજાય તેવા સેમિનાર યોજવાની ભલામણો કરવામાં આવી હતી.

# રાજકોટના રૈયાધાર સહિતના વિસ્તારમાં પોલીસ જવાનોની ફલેગ માર્ચ



રાજકોટ,

લોકસભાની ચૂંટણીનું મતદાન આગામી ૭મી મેના રોજ થવાનું હોઇ શહેરમાં સુલેહશાંતિ જળવાઇ રહે તે માટે અત્યારથી જ પોલીસ સતર્ક બની છે. પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જેસીપી વિધી ચૌધરી, ડીસીપી, એસીપીની સુચના અને માર્ગદર્શન હેઠળ તમામ પોલીસ સ્ટેશનના પીઆઇ, પીએસઆઇ અને ડી. સ્ટાફની ટીમો આરપીએસફના હથીયાધારી જવાનોને સાથે રાખી પોલીસ સ્ટેશન હેઠળના વિસ્તારોમાં ફલેગમાર્ચ યોજી ફૂટ પેટ્રોલીંગ કરે છે. યુનિવર્સિટી પીઆઇ એન. આઇ. રાઠોડ, પીઆઇ સી. એચ. જાદવ, પીએસઆઇ બી.આર. ભરવાડ, સિધ્ધરાજસિંહ જાડેજા, જીજ્ઞેશભાઇ મારૃ સહિતની ટીમે રૈયાધાર સહિતના વિસ્તારમાં આ કાર્યવાહી કરી હતી

# ગ્રેટર રાજકોટ ચેમ્બર આયોજીત ફેમિલી બિઝનેસના સંચાલન અંગેનો સેમિનાર યોજાયો



રાજકોટ,

ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ગત તા.૬ ના રોજ સંસ્થા અને નિરમા યુની.ના ઉપક્રમે વેપાર ઉદ્યોગમાં આવનારી પેઢી ભાગ લઈને ઉદ્યોગો પેઢી દર પેઢી ચાલે તે માટેનો માહિતીસભર સેમીનાર યોજાઇ ગયો. આ સેમીનારની શરૂઆતમાં હાજર સૌ મંચસ્થ મહાનુભાવો અને શ્રોતાગણનું ચેમ્બરના ચેરમેન ધનસુખભાઇ વોરા દ્વારા શાબ્દીક સ્વાગત કરવામાં આવ્યું હતું. બાદમાં નિરમા યુનીના વકતા ડો. પુનીત સૌરભ દ્વારા ફેમીલી બિઝનેશ એન્ટરપ્રીનુરશીપ વિષય ઉપર હાજર સૌને પી.પી.ટી. પ્રેઝન્ટેશન અને ત્યારબાદ દ્દષ્ટાંતો આપીને સમજ પુરી પાડેલ હતી

# રાજકોટની વિરાણી હાઈસ્કૂલમાં 'ધોરણ ૧૦ પછી શું?' અંગે સેમિનાર યોજાયો




રાજકોટ,

વિરાણી હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીની દિશા યોગ્ય રીતે નક્કી કરી શકે તેમજ પોતાના રસ, રુચિ, શોખ, આવડત, સામર્થ્ય સક્ષમતા અને કુટુંબની આર્થિક પરિસ્થિતિ મુજબ ભવિષ્યની તક, જરૂરિયાત અનુસાર પોતાની કેરિયર નક્કી કરી શકે તે હેતુથી ધોરણ ૧૦ પછી શું ? ના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દર્શન યુનિવર્સિટીના ડોક્ટર પ્રદ્યુમનસિંહ જાડેજા તથા વિશાલ સરે બાળકોને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ સેમિનારમાં અંતે બાળકોને મૂંઝવતા પ્રશ્નો નિરાકરણ પણ કરવામાં આવ્યું હતું. સેમિનારમાં બાળકોને પ્રોત્સાહિત કરવા સીજે ગ્રુપના ચેરમેન શ્રી ચિરાગભાઈ ધામેચા શાળાના આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી આ સેમિનારનો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન માધ્યમિકના શિક્ષક શ્રી પ્રણવભાઈ શુક્લએ કર્યું હતું

# રાજકોટમાં શી ટીમ દ્વારા સ્લમ વિસ્તારમાં જાગૃતિ કાર્યક્રમ યોજાયો





રાજકોટ,

રાજકોટના સીપી રાજુ ભાર્ગવ એડીસીપી વિધિ ચૌધરી, ડીસીપી પૂજા યાદવ, મહિલા સેલ એસીપી આર.એસ.બારીઆના માર્ગદર્શન હેઠળ પીઆઈ આઈ.એન. સાવલીયાએ સુચના કરેલ હોય કે, મહિલાઓને લગતા ઘરેલુ હિંસાના બનાવ, મહિલાઓની છેડતીના બનાવો, કે સિનિયર સિનિઝનને લગતા કોઈ બનાવ હોય તો તાત્કાલિક તેમનું યોગ્ય નિવારણ લાવવું. તેમજ મહિલાઓને શી ટીમની કામગીરીથી માહિતગાર કરવા.

# વેરાવળમાં લોહાણા મહાજન આયોજીત ભાગવત સપ્તાહનો પ્રારંભ: પોથીયાત્રા



વેરાવળ,

વેરાવળ હાલાઈ લોહાણા મહાજન આયોજીત શ્રીમદ ભાગવત સપ્તાહના પ્રારંભે રઘુવંશી આગેવાનો અને જ્ઞાતિજનોની ઉપસ્થિતમાં ભવ્ય પોથીયાત્રા નિકળી હતી. આગામી સાત દિવસ સુધી સપ્તાહનો લ્હાવો લેવા મહાજનના હોદેદારોએ જણાવ્યું છે.

વેરાવળ લોહાણા મહાજન દ્વારા આજથી આગામી તા.૧૬ સુધી શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે આજે સપ્તાહના પ્રારંભે મહાજનના પ્રમુખ વિક્રમભાઈ તન્ના, ઉપપ્રમુખ મુકેશભાઈ રૂપારેલીયા, અશોકભાઈ ગદા, પ્રવિણભાઈ રૂપારેલીયા, ભરતભાઈ ચોલેરા, સંદીપભાઈ રાયઠઠ્ઠા, કેશલભાઈ રૂઘાણી, સુનીલભાઈ સુબા સહિતના આગેવાનો સહિત રઘુવંશી જ્ઞાતિજનોની ઉપસ્થિતમાં નાની હવેલી ખાતેથી ૨૮ જેટલી પોથીઓ સાથેની ભવ્ય પોથીયાત્રા નિકળેલ જે જુદાજુદા રાજમાર્ગે ઉપર ફરીને લોહાણા વંડી ખાતે સપ્તાહના સ્થળે પહોંચી હતી. પોથીયાત્રામાં ભગવાન શ્રી કૃષ્ણના ગીત સંગીત ઉપર રઘુવંશી ભાઈ-બહેનો ઝુમી ઉઠયાની સાથે રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી. સપ્તાહના સ્થળે પોથી નોંધાવનાર જ્ઞાતિજનોને હસ્તે પોથી પધરાવી પુજન કરાવવામાં આવ્યુ હતું.

# સાહિત્ય સેતુ રાજકોટ આયોજીત લઘુકથા સ્પર્ધાના વિજેતાઓ જાહેર



રાજકોટ,

સાહિત્ય સેતુ રાજકોટ દ્વારા ગુજરાતી સાહિત્યના ભાષાના પ્રચાર-પ્રસાર માટે સતત નવી નવી પ્રવૃતિ થતી રહે છે.જે અંતર્ગત સાહિત્યનું નમણું નાજુક છતાં મહેકતંટ સ્વરૂપ એટલે લઘુકથા સ્પર્ધા યોજવામાં આવેલ જેમાં રાજકોટ શહેર ઉપરાંત અમદાવાદ, ભાવનગર, સુરત, બરોડા, મુંબઈ, નવસારી, પાલીતાણા, અમરેલી, સહિતના સમગ્ર ગુજરાતના ગામ-નગરમાંથી ૧૮૧ સ્પર્ધકોએ લઘુકથા સ્પર્ધામાં ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. લઘુકથા સ્પર્ધાના વિજેતાઓમાં હિતાબેન રાજયગુરૂ (પ્રથમ-બોટાદ) રેનાબેન સુથાર (દ્વિતિય-અમદાવાદ) વિજય ટાંક (તુતીય રાજકોટ) તેમજ આશ્ર્વાસન ઈનામ મેળવનારા રાજેશ વાઘેલા (અમરેલી),શિલ્પી બુરેઠા (ધાનેરા), ધર્મેશ ગાંધી (નવસારી) શૈલેષ પંડયા (જામનગર) હરિવદન જોષી (ભરૂચ) તેમજ ભારતીબેન ગોહિલ (અમરેલી) તમામ વિજેતાઓ જાહેર થયેલ.

# રાજકોટ ડિવિઝનના ૪ કર્મચારીઓનું રેલવે સેફટીમાં શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માન



રાજકોટ,

રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ રાજકોટ ડીવીઝનના ૪ કર્મચારીઓનું આજે રાજકોટ ડીવીઝન ના ડીવીઝનલ રેલવે મેનેજર શ્રી અશ્વનીકુમાર દ્વારા ડીઆરએમ ઓફિસ રાજકોટના કોન્ફરન્સ રૂમમાં સન્માનપત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ રાજકોટ ડિવિઝનના ટ્રાફિક અને ટ્રેકશન સંચાલન વિભાગના કર્મચારીઓને ફેબ્રુઆરી-૨૦૨૪ મહિનામાં રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપવામાં આવ્યો છે. એવોર્ડ મેળવનાર કર્મચારીઓમાં શ્રી પપ્પારામ (લોકો પાયલટ ગુડ્સ-સુરેન્દ્રનગર), શ્રી મનમોહન સિંઘ (ટ્રેન મેનેજર-સુરેન્દ્રનગર), શ્રી રિંકુ કુમાર મીના (પોઈન્ટ્સ મેન-પીપલી) અને શ્રી નથુ રામ (લોકો પાઈલટ ગુડ્સ-સુરેન્દ્રનગર) નો સમાવેશ થાય છે. ઉપરોક્ત રેલવે કર્મચારીઓ દ્વારા ટ્રેનોમાં હોટ એક્સલની નોટિસ કરવું, લટકતા ભાગો અને (ઓવર હેડ ઈક્વિપમેન્ટ)માં ત્રિપાલ લટકવાની સૂચના વગેરે સમયસર આપી હતી. આ રેલવે કર્મચારીઓની સતર્કતા અને તકેદારીએ સંભવિત રેલવે અકસ્માતોને રોકવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. આ પ્રસંગે રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ સેફટી ઓફિસર શ્રી એન.આર.મીના, સિનિયર ડિવિઝનલ ઑપરેશન મેનેજર શ્રી આર.સી મીણા અને સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (સંચાલન) શ્રી મીઠાલાલ મીણા ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જન કલ્યાણ ટ્રસ્ટની સેવામાં નવી સિધ્ધિ: ૫૦૦ ચક્ષુદાન થકી એક હજાર આંખોને મળી નવી દૃષ્ટિ

## સ્મશાનના છ દિવસના કાર્યક્રમમાં સાત ચક્ષુદાન મેળવ્યા : ૫૦૦ મું ચક્ષુદાન સ્વીકાર્યું



રાજકોટ,

જન કલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૫૦૦ ચક્ષુદાન કરાવી હજાર આંખો દૃષ્ટિ આપી છે. છેલ્લા સાત વર્ષથી ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જેવી સમાજસેવા નું કામ કરી રહી છે. શહેરમાં વિવિધ સ્થળોએ જાગૃતિ કાર્યક્રમ યોજાય છે. સ્મશાનના છ દિવસના કાર્યક્રમમાં સાત ચક્ષુદાન મળેવેલ. પ્રથમ સૌ ચક્ષુદાન થતા ચાર વર્ષ લાગેલ, બીજા સો ચક્ષુદાન માત્ર ૧૪ મહિનામાં, ત્રીજા સો ચક્ષુદાન ૧૦ માસમાં, ચોથા સો ચક્ષુદાન સવા આઠ મહિનામાં અને પાંચમાં સો ચક્ષુદાન માત્ર પાંચ મહિનામાં થયેલ છે. આ સાથે મંજુલાબેન દુર્લભજી કમાણીનું ૫૦૦ મું ચક્ષુદાન થયેલ તેમના પરિવારજનોને શોક સંદેશ તથા સર્ટીફીકેટ સંસ્થાના ચેરમેન ઉમેશ મહેતા સાથે નૈષિધભાઈ વોરાએ આપેલ. અત્યાર સુધીમાં જનકલ્યાણ ટ્રસ્ટ દ્વારા ૫૦૨ -ચક્ષુદાન, ૧૪-સ્કીન ડોનેશન, ૪૬-દેહદાન તથા થયેલ છે. આ અંગે વધુ માહિતી માટે જનકલ્યાણ સાર્વજનિક ચેરીટેબલ ટ્રસ્ટ, ૧૦ કાંતિ પ્રકાશ, મનીષ લેધર ઉપર, પૂનમ ફર્નિચર પાસે, ઢેબર રોડ (મો.૯૪૨૮૫ ૦૬૦૧૧) ખાતે સંપર્ક કરી શકાય છે.

# સોમનાથ તીર્થમાં ભગવાન શ્રીકૃષ્ણના નિજધામ ગમન દિનની ભક્તિભાવપૂર્વક આધ્યાત્મિક ઉજવણી



વેરાવળ,

સોમનાથ ક્ષેત્ર જપ અને તપની ભૂમિ છે. આ ભૂમિ પર દરેક ચિંતા થી મુક્તિ મળે છે. એટલે જગતગુરુ શ્રી કૃષ્ણએ પોતાના વૈકુંઠ મહાપ્રયાણ માટે આ પવિત્ર ભૂમિને પસંદ કરી હતી. ગોલોક ધામ એ જ પાવન ભૂમી છે. જ્યાં શ્રી કૃષ્ણની ચરણરજ આ દિવ્ય સ્થાન માં સમાયેલ છે. જેથી જ પ્રભાસની ભૂમીને હરિ-હર ભૂમી કહેવાય છે, જયા ભગવાન શિવ પ્રથમ જ્યોતિર્લિંગ સ્વરૂપે અવતરીત થયા અને શ્રી કૃષ્ણએ સ્વધામ માટે આ ભૂમી પર થી પ્રયાણ કર્યું.

ગોલોક ધામ ભૂમી પર પરિવ્રાજક સ્વામી શ્રી જ્ઞાનાનંદ સરસ્વતીએ ચાતુર્માસ કરેલ અને આ પાવન ભૂમી ખાતે શ્રી કૃષ્ણના સ્વધામ ગમન દિવસની શાસ્ત્રોક્ત અને જ્યોતિષ દ્રષ્ટીએ કાલગણના કરી હતી. જે પ્રમાણે ભગવાન શ્રી કૃષ્ણ એ ચૈત્ર શુક્લ પ્રતિપદા ના પાવન દિવસે બપોરના ૨ કલાક ૨૭ મીનીટ એને ૩૦ સેક્ધડ ના સમયે પૃથ્વીલોક થી સ્વધામ ગમન કરેલ હતું.

# રાજકોટ શહેરમાં પોલીસ અધિકારીઓ દ્વારા એરિયા ડોમિનેશનની કાર્યવાહી કરાઈ



રાજકોટ,

આગામી લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ અન્વયે તા. ૦૭ મે ૨૦૨૪ના રોજ રાજકોટ ખાતે મતદાન યોજાનાર છે. ત્યારે આદર્શ આચાર સંહિતાનો ચુસ્તપણે અમલ થાય અને આગામી લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ આદર્શ વાતાવરણમાં અને નિષ્પક્ષ, ન્યાયી તથા તટસ્થતાથી યોજાય, સુલેહ શાંતિનો માહોલ જળવાઈ રહે તે માટે પોલીસ જવાનો દ્વારા રાજકોટ શહેરના વિવિધ વિસ્તારોમાં ફલેગ માર્ચ યોજાઈ હતી.

જેમા શહેરના રામનાથ પરા, ઘાંચીવાડ, સોરઠીયા પ્લોટ, કુંભારવાડા, જિલ્લા ગાર્ડન, પેલેસ રોડ, લોહાનગર, લોધાવાડ, મનહર પ્લોટ, હાથીખાના, મોચી બજાર, હરિહર ચોક,લીમડા ચોક, યાજ્ઞિક રોડ, વિજય પ્લોટ, રાજપુતપરા જેવા વિસ્તારોમા આજરોજ આર.પી.એસ.એફ ને સાથે રાખી પોલીસકર્મીઓ દ્વારા ફલેગ માર્ચ કરવામા આવી હતી.

# રાજકોટના આંગણે ઓર્ગેનિક ખેડૂત હાટનું ભવ્ય આયોજન

## આત્મીય યુનિ. કેમ્પસમાં યોગીધામ અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે ત્રણ દિવસીય ઓર્ગેનિક ખેતીના અભિયાનને પ્રોત્સાહિત કરાશે


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટના આંગણે આગામી તા. ૧૨થી ૧૪ સુધી રાજકોટમાં કાલાવડ રોડ સ્થિત આત્મીય યુનિવર્સિટીના કેમ્પસમાં ત્રણ દિવસ માટે ઓર્ગેનિક ખેડૂત હાટના માધ્યમથી ઓર્ગેનિક ખેતપેદાશોના પ્રદર્શન-વેચાણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.જી.સી.સી.આઈ.ના સ્થાપક અને ભારત સરકારના પૂર્વમંત્રી ડો. વલ્લભભાઈ કથીરિયાએ જણાવ્યુ હતું કે આઝાદીના અમૃતકાળમાં ઝેરમુકત ખેતી-ગૌ આધારિત ખેતી અભિયાન દ્વારા જમીનને ઉર્વરાયુક્ત અને સમાજને સ્વસ્થ અને નિરોગી બનાવવાના ભગીરથ પ્રયાસો થઈ રહ્યા છે. અનેક ખેડૂતો ગૌ આધારિત કૃષિ અભિયાનમાં સજીવ ખેતી, ઝેરમુકત ખેતી, ઓર્ગેનીક ફાર્મીંગ, પાલેકર કૃષિ, પ્રાકૃતિક કૃષિ જેવા વિવિધ નામોથી કૃષિ ઉત્પાદનો કરી રહ્યા છે. સમાજમાં હજુ ઓર્ગેનિક પ્રોડક્ટસના ગુણો અંગે જાગૃતિના અભાવના કારણે આવા ખેડૂતોને માર્કેટ સરળતાથી ઉપલબ્ધ થતું નથી. જયારે સમજદાર વર્ગ ઝેરમુક્ત અનાજ, કઠોળ, ફળફળાદી, શાકભાજી ખરીદવા માટે માંગ કરી રહ્યો છે, પરંતુ તેમને ક્યાંથી ભરોસાપાત્ર ઉત્પાદનો મળશે તે ખ્યાલ નથી. ઉપરોક્ત ઉત્પાદક એટલે કે પ્રાકૃતિક કૃષિ ઉત્પાદન કરતા ખેડૂતો અને ઉપભોકતા એટલે પ્રાકૃતિક કૃષિને સમજતા ગ્રાહકોને યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવા માટે ગ્લોબલ કધફેડરેશન ઓફ કાઉ બેઈઝડ ઈન્ડસ્ટ્રીઝ, યોગીધામ (આત્મીય યુનિવર્સિટી) અને નવરંગ નેચર કલબના સંયુક્ત ઉપક્રમે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના ઓર્ગેનિક ખેતીના અભિયાનને પ્રોત્સાહિત કરવા ઓર્ગેનિક ખેડૂત હાટનું આયોજન કરેલ છે.

નવરંગ નેચર કલબના વી. ડી. બાલાએ જણાવ્યુ હતું કે આ ઓર્ગેનિક ખેડૂત હાટમાં ઓર્ગેનિક પ્રોડક્ટ જેવી કે અનાજ, કઠોળ, મરી-મસાલા, ગૌ આધારિત પ્રોડક્ટસ, ઈત્યાદિ વસ્તુઓના વેચાણ માટે સ્ટોલ્સ રાખવામા આવ્યા છે. ઓર્ગેનિક ખેડૂત હાટમાં દેશી ગાયનું ઘી, તેલ, પંચગવ્યમાંથી બનાવેલ ગૌમુત્ર અર્ક, સાબુ, શેમ્પૂ, ફીનાઈલ, નસ્ય, ટીપા, સેનીટાઈઝર અને ગાયના ગોબરના દીવા, દેવી-દેવતાની મૂર્તિ, ટેબલ પીસ, ઘડિયાળ, પેઈન્ટ, માળા, રાખડી જેવી પ્રોડક્ટ પણ ઉપલબ્ધ હશે.

ઓર્ગેનીક ખેડૂત હાટને સંપૂર્ણ સફળ બનાવવા માટે ડો. વલ્લભભાઈ કથીરિયા, હંસરાજભાઈ ગજેરા, મિતલ ખેતાણી, વીરાભાઈ હુંબલ, વી. ડી બાલા, રમેશભાઈ ઘેટીયા, પ્રવીણભાઈ આસોદરીયા, દિનેશભાઇ પટેલ, હિમાંશુભાઈ લીંબાસીયા, ગોપાલભાઈ બાલધા, રાજાભાઈ- વાવડી, વિનોદભાઇ કાછડીયા, વિશાલભાઈ ચાવડા, દિલીપભાઈ સખિયા, જીગ્નેશ રાઠોડ, તુષાર પટેલ, કૌશિક પટેલ, રમેશભાઈ પરમાર, તેજસ ચોટલિયા, હરેશભાઈ પંડયા, મુરલીભાઈ દવે, અરૂણ નિર્મળ, નિલેશ શાહ, કાળુ મામા, બી. બી. કાબરીયા, પ્રભાતભાઈ ડાંગર, સુરેશ પરમાર, અશોક હિંડોચા, તૃપ્તિબેન રાજવીર, રમાબેન હેરભા, વૈશાલીબેન આશર, વગેરે જહેમત ઊઠાવી રહ્યા છે.

# મુખ્ય જેલ વડા ડો.કે.એલ.એન.રાવ રાજકોટમાં : જેલની મુલાકાત લીધી


તસવીર : દિલિપ ગોહેલ

રાજયના મુખ્યા જેલ વડા એડી.ડીજી લેવલનાં સિનિયર આઈપીએસ ડો.કે. એલ.એન રાવ દ્વારા રાજ્યોની જેલોને નમૂનેદાર બનાવવા સાથે કેદીઓ આત્મં નિર્ભર બને સરકારની વિવિધ યોજનાઓનો લાભ કેદીઓનાં પરિવારને મળે તે માટે સતત ઝઝૂમી રહેલા ડો કે.એલ.એન.રાવ રાજકોટમાં સેન્ટ્રલ જેલની મુલાકાતે પહોંચી જેલમાં સફારી બ્રાન્ડ. ઉદ્યોગ, કાપડ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ અને ફર્નિચર ઉદ્યોગ સ્થારપી કેવી રીતે વધુ રોજગારી આપી શકાય તે માટે રાજકોટ જેલના જેલ સુપ્રિ. તથા નાયબ જેલ અધિક્ષક અજયસિંહ જાડેજા વિગેરે સાથે ચર્ચા કરી હોવાનું જેલ સૂત્રોએ જણાવ્યુ હતું





# ચેટીચાંદ પર્વ નિમિત્તે ભવ્ય રેલીનું પ્રસ્થાન કરાવતા પરસોતમ રૂપાલા




તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ

આજે સિંધી સમાજનો પવિત્ર તહેવાર ચેટીચાંદ નિમિત્તો ભવ્ય સ્કૂટર રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તકે રાસલીલા કલબ દ્વારા સ્કૂટર રેલીને આવકારવામાં આવી હતી. આ તકે રાજકોટ લોકસભા ઉમેદવાર પરષોતમ રૂપાલા, રામભાઈ મોકરીયા, ડો. દર્શિતા શાહ સહિતના મહાનુભાવોએ ઝુલેલાલ મંદિરે શીશ ઝુકાવી ધર્મગુરુના આશીર્વાદ મેળવ્યા હતા અને ધર્મગુરુએ પરષોતમ રૂપાલાને આશીર્વાદ પાઠવી શુભકામના પાઠવી હતી ત્યારે બાદ ઝંડી ફરકાવી પરષોતમ રૂપાલાએ રેલીને પ્રસ્થાન કરાવ્યું હતું.

# રાજકોટ મનપા દ્વારા વોંકળાની સફાઈ : ગાર કચરાનો નિકાલ


તસવીર : દિલિપ ગોહેલ

રાજકોટ,

રાજકોટ મહાપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ શાખા હેઠળ વોંકળા વિભાગદ્વારા સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪ અને નિર્મળ ગુજરાત ૨.૦ અભિયાન હેઠળ પ્રિ-મોન્સૂન વોકળા સફાઈ અંતર્ગત તા.૦૯-૦૪-૨૦૨૪ના રોજ વોર્ડ નં.૨, ૪, ૫, ૬, ૭ અને ૯માં આવેલ વોંકળાની સફાઈ કરવામાં આવી હતી. પૂર્વ ઝોનના વોર્ડ નં.૪ ધોળકીયા સ્કૂલ પાસે, વોર્ડ નં. ૫ ચામુંડા ટી સ્ટોલ પાસે ગ્રીનલેન્ડ ચોકડી પાસે, વોર્ડ નં.૬ શાળા નં ૧૩ અને ટી.સી. પાસે, વોર્ડ નં.૪ વોર્ડ ઓફિસ સામે, રોહિદાસપરા વોકળામાં જેસીબી ડમ્પરથી સફાઈની કામગીરી કરવામાં આવેલ હતી.

મધ્ય ઝોનના વોર્ડ નં. ૭ મણી માની વાડીમાં વોકળા સફાઈ જેસીબી ડમ્પર દ્વારા વોર્ડ નં.૭ મનહર પ્લોટ-૮ વોકળા સફાઈ, વોર્ડ નં.૨ જૈન દેરાસર પાસે નાળા વોકળા સફાઈ, વોર્ડ નં.૨ એરપોર્ટ ફાટક પાસે રાજકૃતિ એપાર્ટમેન્ટ પાછળ વોકળા સફાઈ કરવામાં આવેલ હતી. પશ્ચિમ ઝોનના વોર્ડ નં.૯ રૈયા, પામ યુનિવર્સ પાસે તથા સવન એપાર્ટમેન્ટ પાસે મેન્યુલ તથા જેસીબી ડમ્પર દ્વારા વોકળા સફાઈ કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત વિગતે મ્યુનિસિપલ કમિશનર આનંદ પટેલ તથા નાયબ કમિશનર સ્વપ્નિલ ખરેની સુચના અનુસાર રાજકોટ શહેરમાં આવેલ તમામ હયાત વોકળાઓની સફાઈ કામગીરી કરવામાં આવેલ છે. જે અંતર્ગત પર્યાવરણ ઈજનેર અને લગત ઝોનના નાયબ પર્યાવરણ ઈજનેર અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ શાખાની ટીમ દ્વારા કામગીરી કરવામાં આવેલ હતી.

# રાજકોટમાં સફાઇ કામદારની પ્રેરક પ્રમાણીકતા : પાકીટ સુપ્રત કર્યું



રાજકોટ,

રાજકોટ શહેરના રેસકોર્સ રીંગ પર પેટ્રોલ પંપ પાસે મુફદલભાઈનું રોકડ રકમ, એટીએમ કાર્ડ સહિત અન્ય ડોકયુમેન્ટ સાથેનું પાકીટ પડી ગયેલ.

આ પાકીટ વોર્ડ નં. ૨ ના સફાઇ કર્મી મીતેશભાઇ ઘાવરીને મળતા તેમણે વોર્ડ ઓફીસ ખાતે એસઆઇ નિરવભાઇ દવે તથા ઘનશ્યાડમભાઇ ચૌહાણને સુપ્રત કરી મુળ માલીક મુફદલભાઇને ઘરે જઇ જાણ કરી પાકીટ વોર્ડ ઓફીસ ખાતેથી લેવા જણાવ્યું હતું. મુફદલભાઈએ પાકીટ મળતા મીતેશભાઈનો આભાર માન્યો હતો. વોર્ડના અધિકારીઓએ પણ મીતેશભાઈની પ્રમાણીકતાને બીરદાવી અભિનંદન આપ્યા હતાં.

# શાપર ઈન્ડસ્ટ્રીયલ એસોસીએશનનો મતદાન માટે અનોખો અભિગમ આંગળીમાં ટપકું બતાવે તેને બોનસરૂપે વધારાની રજા

રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન વધારવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે કરાયેલા સમજૂતી કરાર શૃંખલા અન્વયે આ એમ.ઓ.યુ. કરનારા શાપર ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ શ્રી કિશોરભાઈ ટીલાળાએ જણાવ્યું હતું કે, તેમના સંગઠનમાં ૨૫૦૦ જેટલા સભ્યો છે અને અંદાજે ૧.૭૫ લાખ જેટલા કારીગરો આ બધા ઉદ્યોગોમાં કામ કરે છે.

મતદાન જાગૃતિ માટે અમે ઉદ્યોગોના માલિકો માટે ખાસ કાર્યક્રમ યોજીશું. ઉપરાંત મતદાનના આગળના દિવસે તમામને મેઈલ કરીને અચૂક મતદાનની જાણ તથા અપીલ કરીશું.

મતદાનના દિવસે તમામ કારીગરોને સવેતન રજા આપીએ જ છીએ. આ સાથે જે કારીગર બીજા દિવસે આંગળીમાં મતદાનનું ટપકું બતાવે તેને વધારાની એક રજા બોનસ સ્વરૂપે આપીશું. આમ મતદાન માટે અમે કારીગરોને પ્રેરિત કરીએ છીએ. જો મતદાન જાગૃતિ માટે કોઈ સામગ્રીની જરૂર જણાય તો જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા અમને પૂરો સહયોગ આપવામાં આવે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# રાજકોટ લોકસભાની ચૂંટણી પર નજર રાખવા જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વરની કરાઈ નિમણૂક



રાજકોટ

રાજકોટ ભારતીય ચૂંટણી પંચ દ્વારા લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪ જાહેર કરવામાં આવેલ છે. જેના અનુસંધાને આદર્શ આચારસંહિતા અમલી બનતા ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ અને નિયંત્રણ રાખવા માટે મુખ્ય નિર્વાચન અધિકારીની કચેરી, ગુજરાત રાજ્ય દ્વારા જનરલ ઓબ્ઝર્વર તરીકે ૨૦૧૦ ની બેચના આઈ.એ.એસ નેહા ગિરી ની ૧૦- રાજકોટ સંસદીય વિસ્તારના નિરીક્ષક તરીકે નિમણૂંક કરાઈ છે. જયારે લો એન્ડ ઓર્ડરની કામગીરીની દેખરેખ માટે પોલીસ ઓબ્ઝર્વર તરીકે ૨૦૧૧ ની બેચના આઈ.પી.એસ. ચંદન કુમાર ઝા ની નિમણુંક કરવામાં આવી છે. આગામી લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૪માં સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પારદર્શી તેમજ નિયમાનુસાર પૂર્ણ થાય તે હેતુ જનરલ ઓબ્ઝર્વર નેહા ગિરી તેમજ પોલીસ ઓબ્ઝર્વર ચંદન કુમાર ઝા ૧૦- રાજકોટ સંસદીય વિસ્તાર હેઠળ ૬૮ થી ૭૫ વિધાનસભા મત વિસ્તારની કામગીરી પર દેખરેખ રાખશે.

# રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા મતદાન જાગૃતિ માટે વોટ્સએપ થકી પ્રચાર-પ્રસાર



રાજકોટ,

લોકસભા સામાન્ય ચૂંટણીમાં મતદાન વધારવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વિવિધ ઔદ્યોગિક સંગઠનો સાથે સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ એમ.ઓ.યુ. કરનારા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીલ એસોસિએશનના પ્રમુખ શ્રી વી.પી. વૈષ્ણવે જણાવ્યું હતું કે, અમારા સંગઠનમાં ૨૭૦૦ સભ્યો ઉપરાંત ૧૦૮ એસોસિએશન અને પ્રત્યક્ષ તથા પરોક્ષ મળીને આશરે ૭૦ હજાર જેટલા લોકો સંકળાયેલા છે. આ તમામ લોકોમાં મતદાન માટે જાગૃતિ આવે તે માટે અમારા વોટસ્એપ ગ્રૂપમાં ખાસ અપીલ કરીએ છીએ અને મતદાન જાગૃતિના વિવિધ વીડિયો કિલપ, પોસ્ટર્સ, ફ્લાયર્સ વગેરે મોકલીએ છીએ. જરૂર પડ્યે સભ્યોમાં જાગૃતિ લાવવા અવેરનેસ કાર્યક્રમ પણ યોજીશું.

# વિધાનસભા ૬૮-૭૦માં ભાજપ દ્વારા ‘મોદી પરિવાર’ સભાઓ યોજાઈ

## નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશીભર્યા અને મજબૂત નેતૃત્વને કારણે દેશ હકારાત્મક અને યોગ્ય દિશામાં આગળ વધી રહ્યો છે: ડો. ભરતભાઈ બોઘરા



રાજકોટ

લોક્સભા ચૂંટણીના પડઘમ વાગી ગયા છે અને ભાજપ ધ્વારા જોરશોરથી પ્રચાર-પ્રસાર કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારે પ્રદેશ ભાજપની યોજનાનુસાર ગુજરાતમાં ભાજપ ધ્વારા ચાર હજારથી વધુ મોદી પિરવાર સભાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૧૦ થી ૧૨ બુથદીઠ એક સભા યોજવાનુ આયોજન હોય રાજયના ૫૦ હજારથી વધુ બુથમાં મોદી પિરવાર સભા યોજાશે. આ મોદી પિરવાર સભામાં ભાજપ આગેવાનો ધ્વારા મોદી સરકારની અને ગુજરાત સરકારની સિધ્ધીઓ વર્ણવી જનતા સુધી પહોંચાડાઈ અને કમળ ને ચૂંટી કાઢવા અપિલ કરાઈ રહી છે.

ત્યારે રાજકોટ શહેર ભાજપ ધ્વારા શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહામંત્રી ડો. માધવ દવે, અશ્વીન મોલીયા, વિરેન્દ્રસિહં ઝાલાના માર્ગદર્શન હેઠળ પ્રચાર-પ્રસાર કાર્ય વેગવંતુ બનાવવામાં આવ્યું છે ત્યારે રાજકોટ મહાનગર ખાતે તા. ૮ એપ્રિલ થી તા.૧૬ એપ્રિલ સુધી ૮૫ થી વધુ મોદી પિરવાર સભાનું આયોજન કરવામાં આવેલ છે. તે અંતર્ગત રાજકોટ મહાનગરમાં વિધાનસભા વાઈઝ મોદી પિરવાર સભાનો વિવિધ વોર્ડમાં જોર-શોરથી પ્રારંભ કરવામાં આવેલ છે, જેના ભાગરૂપે ઉપસ્થિત ભાજપ અગ્રણીઓ ધ્વારા ભારતીય જનતા પાર્ટી ધ્વારા રાજકોટ લોક્સભા બેઠકના ભાજપના ઉમેદવાર પરશોતમભાઈ રૂપાલાને જંગી બહુમતીથી ચૂંટી કાઢવા માટે અપિલ કરવામાં આવી હતી.

# એનએસઈ એમડી અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના સ્ટોક્સની ભલામણ કરતા નકલી પર ભરોસો ન કરવો

રાજકોટ

અમારા ધ્યાનમાં આવ્યું છે કે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એનએસઈના એમડી અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના ચહેરા/અવાજ તથા એનએસઈના લોગો ને કેટલીક ઈન્વેસ્ટમેન્ટ અને એડવાઈઝરી ઓડિયો તથા વીડિયો ક્લિપમાં બનાવટી રીતે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને એનએસઈના એમડી અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણના અવાજ તથા ચહેરાના હાવભાવને અનુસરતા હોય તેવા આ પ્રકારના વીડિયો બનાવવામાં આવ્યા હોય તેમ જણાય છે. રોકાણકારોને અત્રે ચેતવણી આપવામાં આવે છે કે આવા ઓડિયો કે વીડિયો પર ભરોસો ન કરવો અને આવા બનાવટી વીડિયો કે અન્ય માધ્યમોથી મળતી આવી કોઈપણ પ્રકારની રોકાણ કે અન્ય કોઈ સલાહને ન અનુસરવી. અત્રે નોંધનીય છે કે એનએસઈના કર્મચારીઓને આવા શેરોમાં સોદા કરવા કે અન્ય કોઈ શેરની ભલામણ કરવાની સત્તા નથી. આ ઉપરાંત, એનએસઈ જ્યાં પણ શક્ય બને ત્યાં આવા વાંધાજનક વીડિયો હટાવી દેવા માટે આ પ્લેટફોર્મ્સને વિનંતી કરવાના પ્રયાસો કરે છે. અત્રે દરેકને વિનંતી કરવામાં આવે છે કે તેઓ એનએસઈના વતી મોકલવામાં આવેલા કમ્યૂનિકેશન અને કન્ટેન્ટના સ્ત્રોતને વેરિફાઈ કરે અને ઓફિશિયલ સોશિયલ મીડિયા હેન્ડલ્સ તપાસે. તમામ રોકાણકારોને અત્રે આ બાબતની નોંધ લેવા અને એનએસઈ અથવા સત્તાવાર માહિતી તરીકેતેની વેબસાઈટ www.nseindia.com તરફથી કે તેના અધિકારીઓ તરફથી મળતી માહિતી વેરિફાઈ કરવા વિનંતી કરવામાં આવે છે. રોકાણકારો અને જાહેર જનતાને ઉપરોક્ત બાબતની નોંધ લેવા સલાહ આપવામાં આવે છે.

# મેફેડ્રોન ડ્રગ્સ સાથે જામનગરના બે શખ્સો ઝબ્બે, મુંબઈથી ડ્રગ્સ લાવ્યાની કેફીયત



રાજકોટઃ રાજકોટમાં કુવાડવા રોડ પર જકાતનાકા પાસેથી બી.ડીવીઝન પોલીસ અને એલ.સી.બી. ઝોન-૨ની ટીમે બાતમીના આધારે બે શખ્સોને રૂા. ૭૫ હજારના મેફેડ્રોન ડ્રગ્સ સાથે પકડી લઈ પુછપરછ શરૂ કરી છે.ધરપકડ કરાયેલામાં શાહરૂખ બસીરભાઈ જામ (ઉ.વ.૨૫ રહે, સંજરી ચોક, ગુલાબનગર) અને રાહુલ દિપકભાઈ ગોસાઈ (ઉ.વ.૨૭ રહે, રામવાડી શેરી ન. ૪, ગુલાબનગર, જામનગર), નો સમાવેશ થાયછે. પોલીસે બંનેને કુવાડવા રોડ જકાતનાકા પાસેથી દબોચી લઈ રૂા. ૭૫ હજારના ૭.૫૦ ગ્રામ એમ.ડી. ડ્રગ્સ ઉપરાંત ૩ ફોન અને રોકડ મળી કુલ રૂા.૧.૦૧ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો.પોલીસે જણાવ્યું કે, આરોપી શાહરૂખ ડ્રાઈવીંગ કરે છે. જયારે તેનો મિત્ર રાહુલ ગાડી લે વેચનો ધંધો કરે છે. રાહુલ અગાઉ ૨૦૧૮માં કચ્છના સામખીયાળી પોલીસ મથકમાં દારૂના ગુનામાં સંડોવાઈ ચુક્યો છે.બંને મુંબઈથી ડ્રગ્સલઈ બસમાં જામનગર જવા રવાના થયા હતાં. તે રાજકોટમાં ઉતરતા તેને ઝડપી લીધા હતાં. હાલ વધુ પુછપરછ જારી રખાઈ છે.

# યુનિ. રોડ નજીક સંજય વાટીકામાં તસ્કરોનો તરખાટ, બંધ મકાનમાંથી ૧૩ લાખની ચોરી

રાજકોટઃ રાજકોટમાં તસ્કરોએ ફરી તરખાટ મચાવ્યો છે. યુનિવર્સિટી રોડ ઉપર સંજય વાટીકા સોસાયટી શેરી નં.૭માં રહેતાં શિતલબેન મનોજભાઈ સાણથરા (ઉ.વ.૪૬)ના મકાનને નિશાન બનાવી તસ્કરો સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂા.૧૩.૨૫ લાખની મત્તા ચોરી ગયાની ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. શિતલબેને પોલીસને જણાવ્યું કે તેના પુત્ર શુભમની સગાઈ પોરબંદર કરવા માટે તે, તેનો પુત્ર અને પતિ મકાનને તાળા મારી ગઈ તા.૮ના ત્યાં જવા રવાના થયા હતા. સગાઈ તા.૯ના હોવાથી તે પોરબંદર રહેતાં જેઠ દીનેશભાઈને ત્યાં રોકાયા હતા. સગાઈનો પ્રસંગ પુરો થતાં તે પતિ સાથે પરત રાત્રે ઘરે આવી ગયા હતા. તે ઘરે ઉપરના રૂમમાં હોલમાં જઈ બેઠા હોય પતિ પાણી પીવા રસોડામાં ગયા હતા. આ સમયે રસોડા પાસેનો બેડરૂમ



ખુલ્લો જોવા મળતા તેણે અંદર તપાસ કરતાં કબાટનું તાળુ તુટેલુ જોવા મળ્યું હતું અને સામાન અસ્ત-વ્યસ્ત પડેલો હતો. આથી પતિએ તેને ત્યાં રૂમમાં બોલાવતા તે ગયા હતા. ઉપરના માળે આવેલા બે બેડરૂમમાં જતા તેના તાળા પણ તુટેલા જોવા મળ્યા હતા. દંપતીએ પ્રથમ મકાનના જમણી તરફના રૂમમાં આવેલા કબાટ કે જેનો દરવાજો તુટેલો હતો તેમાં તપાસ કરતા ડ્રોવરમાં રાખેલા દાગીના ૩૫ તોલાના સોનાના હાર, બુટી, બાજુબંધ, પાટલા, સાંકળા લકી અને હાથકડુ ઉપરાંત રૂા.૬૦ હજારની રોકડ જોવા મળી ન હતી. એટલું જ નહીં સામેના રૂમમાં ચેક કરતા રૂમની પાસે મંદિરમાં રાખેલા રૂા.૨૫ હજાર પણ જોવા નહીં મળતા ચોરી થયાની જાણ થતા ફરિયાદ નોંધાવતા ગાંધીગ્રામ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે. તસ્કરોએ ગઈ તા.૮ થી ૯નાં રાત્રી દરમિયાન ઘરની દિવાલ કુદી બાલ્કનીનું શટર ખોલી રૂમમાં પ્રવેશ્યા બાદ મેઈન રૂમનું તાળુ તોડી કબાટના લોક તોડી ચોરી કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ઘટનાને પગલે ગાંધીગ્રામ-૨ ઉપરાંત ક્રાઈમબ્રાંચ, એલસીબી ઝોન-૨ની ટીમોએ ઘટના સ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. બે શખ્સો સીસીટીવીમાં કેદ થતા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

# પાણીના ટાંકામાં પડી જતા એક વર્ષની બાળકીનું મોત

રાજકોટઃમાધાપર ગામ પાસે ઈશ્વરીયા ફાટક નજીક આવેલ બાંધકામ સાઈટ પર શ્રમિક પરિવારની ૧ વર્ષની બાળકી રમતા-રમતા પાણીના ટાંકામાં પડી જતા તેણીનું મોત થયું હતું.બનાવની વિગત



મુજબ ઈશ્ર્વરીયા ફાટક પાસે દીવાન સિટી બાંધકામ સાઈટ પર રહી ત્યાં જ મજુરી કરતા મૂળ એમપીના પ્રકાશભાઈ શીંગાળાની એક વર્ષની દીકરી પ્રિયાંશી બાંધકામ સાઈટ પર રમતી હતી. તેમના માતા-પિતા સાઈટ પર કામ કરી રહ્યા હતાં. ત્યારે પ્રિયાંશી રમતી-રમતી ૮ ફુટ ઉંડા પાણીના ટાંકામાં પડી ગઈ હતી. થોડા સમય પછી તેના પિતાનું ધ્યાન પડતા પ્રિયાંશીને બેભાન હાલતમાં બહાર કાઢી હતી.જો કે, ૧૦૮ને જાણ કરતા એમ્બ્યુલન્સના ઈએમટીએ તપાસી પ્રિયાંશીને મૃત જાહેર કરતા પરિવારમાં શોક છવાયો હતો.મૃતક બાળકીનો પરિવાર હજુ ત્રણ મહિના પહેલાં જ વતનમાંથી રાજકોટ ખાતે મંજુરી કરવા આવ્યો હતો.બનાવના પગલે પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડયો હતો.



રાજકોટઃ પવિત્ર રમઝાન માસ પૂર્ણ થયા બાદ આજે મુસ્લિમ બિરાદરોએ ઈદની ઉજવણી કરી હતી

# આડા સંબંધનો વિરોધ કરનાર પરિણીતાને પતિનો ત્રાસ

રાજકોટઃ૨૦ વર્ષ પૂર્વે પ્રેમલગ્ન કરનાર પરિણીતાએ પતિ સામે કરી ફરિયાદ

શહેરમાં ઘરેલુ હિંસા અંતર્ગત વધુ એક પરિણીતાએ મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. રૈયા રોડ, અક્ષર રેસિડેન્સી-૨માં રહેતી રીનાબેન નામની પરિણીતાએ તેના પતિ મિલન જેન્તીભાઇ કોઠારી સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે, પતિના આડાસંબંધનો વિરોધ કર્યો તો ત્રાસ આપવાનું શરુ કર્યું છે.રાજકોટના રૈયા રોડ પર રહેવા આવ્યા બાદ પણ પતિના સ્વભાવમાં કે દારૂની ટેવ બંધ થઇ ન હતી. ત્યારે પાવર પ્રોટેક્ટનો વેપાર કરતા પતિ પોતાને અવારનવાર દહેજ મુદ્દે મેણાં મારી તું કાંઇ લાવી નથી તેમ કહી ગાળો ભાંડતા હતા. ગાળો દેવાની ના પાડતા પોતાના પર હાથ ઉપાડી લેતા હતા. દરમિયાન પાંચ વર્ષ પહેલા પતિ મિલનને કોઇ વર્ષા નામની મહિલા સાથે સંબંધ હોવાની ખબર પડી હતી. જે અંગે સમજાવવા માટે પતિને વાત કરતા તેને ગુસ્સે થઇ ઝઘડો કર્યો હતો અને ઘરખર્ચ પણ બંધ કરી દેતાં અંતે પોલીસ ફરિયાદ નોંધાવાઇ છે.

# હત્યાના પ્રયાસ અને દારૂના ગુનામાં ફરાર કુખ્યાત બુટલેગર પ્રતિક ચંદારાણા ઝડપાયો

## સાળા-બનેવી પર હુમલો કરી હત્યાનો પ્રયાસ કર્યો ' તોઃ એલસીબી ઝોન-૧ ની ટીમે કાલાવડથી દબોચી લીધો




રાજકોટઃ ભાવનગર હાઈવે પર નવા રિંગરોડ પર માંડાડુંગરમાં રહેતાં સાળા-બનેવી પર સ્કોર્પિયો કારમાં ઘસી ધોકાથી ખૂની હુમલો કરી હત્યાનો પ્રયાસ કરી કારમાં તોડફોડ કરનાર અને બી. ડિવિઝન પોલીસ મથકના દારૂના ગુનામાં ફરાર કુખ્યાત બુટલેગર પ્રતીક ચંદારાણાને એલસીબી ઝોન-૧ ની ટીમે દબોચી લીધો હતો.બનાવ અંગે માંડાડુંગરમાં સદગુરૂ સોસાયટીમાં રહેતાં અશોકભાઈ ભગાભાઈ ચૌહાણ (ઉ.વ.૨૯) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે પ્રતીક દિલીપ ચંદારાણા (રહે. સદગુરૂ સોસાયટી) અને બે અજાણ્યાં શખ્સના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ ડ્રાઈવિંગ કામ કરે છે. તેઓની સોસાયટીમાં એક મહિલા રહે છે, જેના મકાનમાં કોઈ પણ ખરાબ ધંધો કરાવતી હોય અને માણસોની ખુબ અવર જવર રહેતી હોય જેથી સોસાયટી વાળા સાથે મળી પોલિસ સ્ટેશનમા અરજી આપેલી હતી.જેનો ખાર રાખી તે મહિલાના ઓળખીતા પ્રતીક ચંદારાણા અરજી પાછી ખેંચી લેવા માટે અમોને દબાણ કરતો હતો.ગઈ તા.૦૯ ના રાત્રીના અગિયારેક વાગ્યની આસપાસ તેમના બનેવી નરેશભાઈ ભાલિયા, બહેન, ભાણેજ અને પત્ની સાથે બોલેરો ગાડીમાં બેસી ચોટીલાના ચિલડા ગામ જવા નિકળેલ ત્યારે ભાવનગર હાઇવે પર નવા રિંગ રોડ પહેલા મોમાઈ હોટલ સામે પહોંચતા તેઓની બોલેરો આગળ જઈ રહેલા તેમના બનેવીની બોલેરો આગળ એક કાળા કલરની કાર ઘસી આવી અને તેમાંથી ત્રણ અજાણ્યા શખ્સો ઉતરેલ અને તેમાંથી એક શખ્સે તેના હાથમા રહેલ બેઝ બોલના ધોકા વડે યુવાનના બનેવીની બોલેરો ગાડીના આગળના કાચમા ઘા ઝીંક્યા હતાં.તેમજ તેઓની ગાડીમાં પણ નુકશાન કરેલ અને તેમાંથી એક અગાઉ તેમની સોસાયટીમાં રહેતો પ્રતીક ચંદારાણા હતો. આરોપીએ યુવાનના બનેવીને તેની બોલેરો ગાડીમાંથી નીચે ઉતારી અને તેની સાથેના બે અજાણ્યાં શખ્સે ગાળો આપી પ્રતિકે કહેલ કે, તમો બધા સોસાયટી વાળા ભુરીબેન વિરૂદ્ધ અરજીઓ કરો છો તેમ કહી તેઓના બનેવીને જાનથી મારી નાખવાના ઈરાદે ધોકાથી માથામાં હુમલો કરી ફટકારવા લાગ્યો હતો. દરમિયાન યુવાન તેના બનેવીને છોડાવવા વચ્ચે પડતાં તેમને પણ ગાળો આપી કારમાં નાસી છૂટ્યા હતાં. બાદમાં ઈજાગ્રસ્ત ફરિયાદીના બનેવીને લોહીલુહાણ હાલતમાં સારવારમાં ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં. બનાવ અંગે આરોપી પ્રતીક ચંદારાણા સામે આજીડેમ પોલીસ મથકમાં હત્યાના પ્રયાસ સહિતની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો.

# દુષ્કર્મના ઈરાદે અઢી વર્ષની બાળકીની હત્યા નિપજાવનાર શખ્સને આજીવન કેદની સજા

જેતપુરઃ

જેતપુર શહેરના સામાકાંઠા વિસ્તારમાં ગત વર્ષ રામનવમીના દિવસે પરપ્રાંતીય પરિવારની અઢી વર્ષની બાળકીની ત્યાં કારખાનામાં રહેતો અને મજુરી કરતા શખસનો દુષ્કર્મનો ઈરાદો પાર ન પડતા બાળકીને મોઢે ડુમો દઇ માથા પર પથ્થર મારી હત્યા નીપજાવી હતી. આ ગુનાનો કેસમાં સેશન્સ જજે આરોપી શખસને આજીવન કેદની સજા કરી છે.જેતપુર શહેરના સામાકાંઠા ઔધોગિક એકમ જનકલ્યાણી વિસ્તારમાં ગત વર્ષે ૩૦ માર્ચના રામનવમીના દિવસે બપોરના સમયે એક પરપ્રાંતીય પરિવારની અઢી વર્ષની બાળકી ગુમ થઇ ગઇ હતી. જેથી બાળકીના માતા-પિતાએ પોલીસને જાણ કરી હતી. ઘણી શોધખોળના અંતે બાળકીના ઘરથી થોડે જ દુર એક ખુલ્લા મેદાનમાં બોઇલરમાં બળતળ તરીકે ઉપયોગમાં લેવાતા લાકડાઓની વચ્ચે એક પ્લાસ્ટીકની કોથળી નજરે પડતા પોલીસે તે ખોલીને જોતા તેમાં બાળકીનો મૃતદેહ મળી આવ્યો હતો.બાળકીનો મૃતદેહ વસુંધરા પ્રીન્ટ નામના સાડીના કારખાનાના મેદાનમાં રાખેલ લાકડાઓમાંથી મળતા પોલીસે બાળકીના ઘરથી વસુંધરા પ્રીન્ટ સુધીના વિસ્તારમાં આવેલ કારખાનાઓના સીસીટીવી કેમેરા જોતા એક કેમેરામાં બાળકી દુધિયા કલરનું શર્ટ પહેરેલ એક શખ્સ સાથે જતી જોવા મળી હતી. જેથી પોલીસે તપાસ બાદ વસુંધરા પ્રીન્ટ નામના કારખાનામાં કામ કરતા રાજેશ ચૌહાણ મુળ બિહારના નાલંદા જીલ્લાના રઘુનાથપરાના વતનીની પુછપરછ હાથ તેણે કબુલાત આપેલ કે કારખાનામાંથી થોડે દુર એક બાળકી રમતી નજરે પડતા બાળકીને ભાગ આપવાની લાલચ આપી કારખાનામાં લઇ ગયેલ અને બાળકી સાથે દુષ્કર્મની કોશિષ કરતા બાળકીએ રાડારાડ કરી મુકી જેથી બાળકીનો અવાજ બહાર ન જાય તે માટે રાજેશે બાળકીના મોઢે મુંગો દઇ માથામાં પથ્થર મારી હત્યા નીપજાવી નાખી અને બાળકીના મૃતદેહને સગેવગે કરવા પ્લાસ્ટીકની કોથળીમાં લાશ મુકી લાકડાઓની વચ્ચે સંતાડી દીધી હતી. પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી આરોપી રાજેશ સામે ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. આ કેસ જેતપુરની એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ કેતન



પંડયાએ ૧૪ સાહેદો અને ૫૫ જેટલા દસ્તાવેજી પુરાવા સાથેની દલીલ રજૂ કરતા સેશન્સ જજ એલ.જી.ચુડાસમાએ આરોપી રાજેશને આજીવન કેદ અને ૩૦ હજાર રૂપિયાના દંડની સજા કરી હતી. બાળકીના માતા પિતાને બે લાખ રૂપિયા વળતર ચુકવવા જિલ્લા કાનૂની સહાય મંડળને ભલામણ કરી હતી.

# વારંવાર નોટિસ આપવા છતાં ગંદકી કરતી શક્તિ ટી સ્ટોલ અને ગમારા પાન સીલ




રાજકોટઃ રાજકોટ મહાનગર પાલિકાના પર્યાવરણ વિભાગ દ્વારા સ્વચ્છતા અંતર્ગત અલગ-અલગ પ્રકારની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જેમાં ખાસ કરીને ચાની હોટલ અને પાનની દુકાનો આગળ વધુ ગંદકી થતી હોવાનું ધ્યાનમાં આવ્યા બાદસ્પેશિયલ ચેકિંગ હાથ ધરી ગંદકી માટે દુકાનદારોને પ્રથમ નોટીસ આપ્યા બાદ ગંદકી જોવા મળે તો એકમ સીલ કરવાની કાર્યવાહી હાથ ધરાઇ છે. જેમાં આજે વધુ ભાવનગર રોડ, પટેલ પાન પાસેના શ્રી શક્તિ ટી સ્ટોલ અને ગમારા પાન નામની દુકાનોનાં માલિક દ્વારા અનેક નોટિસ આપવા છતાં જાહેરમાં ગંદકી કરવામાં આવતી હોવાથી સીલ કરવામાં આવી હતી.પ્રાપ્ત વિગત મુજબ શહેરમાં ભાવનગર રોડના ખૂણા પર પટેલ પાન પાસેના શ્રી શક્તિ ટી સ્ટોલ અને ગમારા પાન દ્વારા જાહેરમાં સ્વચ્છતા જાળવતા ન હોય અને ગંદકી ફેલાવતા હોવાથી જાહેર આરોગ્યને નુકસાન કરે તે રીતે કચરો ફેંકાતો હોય નોટીસ આપી દંડ વસુલાયો હતો. આ ઉપરાંત દુકાનના સંચાલકોને જાહેરમાં ગંદકી ન કરવા તેમજ સ્વચ્છતા જાળવવા અવારનવાર સૂચના આપી હતી. છતાં જાહેર સ્વચ્છતા ન જળવતા અને તપાસમાં દુકાન આસપાસ ખૂબ જ ગંદકી તેમજ કચરો જોવા મળ્યો હતો. જેથી બંને દુકાનના સંચાલકોને નોટિસ આપી ધી જી. પી. એમ. સી. એક્ટ - ૧૯૪૯ની કલમ - ૩૭૬ એ હેઠળ સીલ કરી દેવામાં આવી હતી.મ્યુ. કમિશનર આનંદ પટેલના જણાવ્યા મુજબ મનપા દ્વારા શહેરને સ્વચ્છ રાખવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે, ત્યારે આ અભિયાનમાં લોકો પણ સહભાગી થઈ નૈતિક ફરજ બજાવે તે અપેક્ષિત છે. જાહેરમાં ગંદકી કરતા લોકો સામે અગાઉ અનેક વખત પગલાં લેવાયા છે, આમ છતાં ક્યાંક કેટલાક લોકો હજુ પણ ભૂલ કરતા રહે છે. લોકોમાં સ્વયં જાગૃતિ આવે તે ઈચ્છનીય છે, પરંતુ જયારે આવું સંભવ ન બને ત્યારે તંત્ર કડક પગલાં લેવા મજબૂર બને છે. આગામી દિવસોમાં અન્ય સ્થળે પણ આ પ્રકારની કડક કાર્યવાહી કરવામાં આવશે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વધુ એક વિવાદ સામે આવ્યો

# ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક મિનાક્ષી પટેલને હટાવાયા, રેગ્યુલર ન્હોતા આવતા,અનેક ફરિયાદો હતી

રાજકોટઃ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો વધુ એક વિવાદ સામે આવ્યો છે. યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણીએ શારીરિક શિક્ષણ વિભાગના OSD તરીકે જેમની નિમણૂક કરી હતી તેવા મિનાક્ષી પટેલને હાલના કુલપતિ નીલાંબરી દવેએ હટાવી દીધા છે. કુલપતિના આદેશથી કુલસચિવ દ્વારા ઈન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામકને કોઈપણ જાતનું કારણ આપ્યા વિના ફરજ પરથી છુટ્ટા કરી દેવામાં આવ્યા છે. જેથી હવે શારીરિક શિક્ષણ વિભાગના સેક્શન ઓફિસર કે જેઓ રમતગમતનો કોઈપણ જાતનો અનુભવ ધરાવતા નથી તેમને આ વિભાગનો હવાલો આપવામાં આવ્યો છે જેના પરથી એવું ચોક્કસ કહી શકાય કે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રમત ગમત ક્ષેત્ર થઈ રહેલો વિકાસ હવે અટકી જશે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન જસાણી કોલેજમાં શારીરિક શિક્ષણ વ્યાખ્યાતા તરીકે ફરજ બજાવતા મિનાક્ષી પટેલને ૨ વર્ષ પહેલા પૂર્વ કુલપતિ ગિરીશ ભીમાણીએ શારીરિક શિક્ષણ વિભાગમાં OSD એટ્લે કે ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે વધારાની જવાબદારી સોંપી હતી. જો કે, ભીમાણી કુલપતિ તરીકે દૂર થયા અને રાજ્ય સરકાર દ્વારા નીલાંબરી દવેને કુલપતિ તરીકે ચાર્જ આપવામાં આવ્યા બાદમાં શારીરિક શિક્ષણ વિભાગના એક પછી એક પ્રશ્નો સામે આવતા રહ્યા અલગ અલગ રમતોમાં અન્યાય થયાની ફરિયાદો



પણ થઈ બાદમાં તપાસ માટે કમિટી પણ રચવામાં આવી. જો કે, આ વિવાદો વચ્ચે હવે ખૂબ જ મહત્વનો ગણાતો શારીરિક શિક્ષણ વિભાગ સ્પોર્ટસ પર્સનને બદલે નોન ટેક્નિકલ વ્યક્તિને સોંપી દેવાયો છે.ઇન્ચાર્જ શારીરીક શિક્ષણ નિયામકનાં કાર્યકાળમાં ખેલાડીઓને બ્રાન્ડેડ રૂપિયા ૨,૫૦૦ના ટ્રેકશૂટ, રૂપિયા ૧,૨૫૦નો સ્પોર્ટ્સ ડ્રેસ અને રૂપિયા ૧,૫૦૦માં શૂઝ, કીટબેગ અને કેપ મળ્યા, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન આંતર કોલેજે સ્પર્ધામાં વિજેતા થનાર ખેલાડીઓને પ્રથમ વખત મેડલ આપવામાં આવ્યા. સ્પર્ધાના દિવસે જ વિજેતા થનાર ખેલાડી કે તેમની ટીમને સ્થળ પર જ ટ્રોફી અને સન્માન પત્ર આપવાની શરૂઆત થઈ. શૂટિંગ સ્પર્ધામાં ખેલો ઈન્ડિયામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમ વિજેતા બની અને જુડો ટીમ ખેલો ઈન્ડિયામાં રમી. આ ઉપરાંત ક્રિકેટની ભાઈઓની ટીમ વેસ્ટ ઝોનમાં વિજેતા બની અને ઓલ ઈન્ડિયામાં રમી. આ તમામ સિધ્ધિઓ અને રમત ગમત ક્ષેત્રે થયેલા વિકાસને અવગણી ઈન્ચાર્જ શારિરીક શિક્ષણ નિયામકને પદ પરથી હટાવી દેવામાં આવ્યા છે.આ મામલે કુલપતિ ડો. નીલાંબરી દવેનો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે, શારિરીક શિક્ષણ વિભાગમાં 'જીદ્દ તરીકે ફરજ બજાવતા મિનાક્ષી પટેલ રેગ્યુલર પૂરો સમય ફરજ પર આવતા ન હતા. ગત તા. ૧૯ માર્ચથી અનેક વખત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ફરજ પર ગેરહાજર જોવા મળ્યા હતા. આ બાબતે તેમને અગાઉ બેથી ત્રણ વખત સૂચના પણ આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમની સામે અનેક ફરિયાદો પણ આવી છે. જેને કારણે શારીરિક શિક્ષણ વિભાગના OSD પદેથી તેમને દૂર કરવામા આવ્યા છે. જયારે મિનાક્ષી પટેલને પૂછતા તેમણે જણાવ્યું હતું કે, મને કોઈ પણ જાતનું કારણ આપ્યા વિના છુટ્ટી કરવામાં આવી છે.

# ઢળી પડેલા યુવાનને પોલીસ કર્મચારીએ સીઆરપી આપી જીવ બચાવ્યો

ગોંડલઃગોંડલનાં સ્ટેશન પ્લોટ માં આવેલી ડીવાયએસપી કચેરી માં ફરજ બજાવતા જીતુભાઇ બારોટ નામના પોલીસ કર્મચારી ઓફિસ બહાર ઉભા હતા ત્યારે ત્યાંથી પસાર થતા અજાણ્યા યુવાને ગભરાટ ભરી હાલત માં જીતુભાઇ પાસે પાણીની માંગણી કરી હતી. જીતુભાઇ પાણી લઈને આવે તે પહેલા જ ઢળી પડ્યો હતો. પરિસ્થિતિ પામી ગયેલા જીતુભાઇ બારોટે તુરંત સમય સુચકતા દાખવી યુવાનને સીપીઆર આપી પંપીંગ કરતા થોડીવાર માં યુવાન સ્વસ્થ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો.પોલીસમેનની સમય સુચકતાથી યુવાનનો જીવ બચવા પામ્યો હતો.

# ચેક રિટર્ન કેસમાં આરોપીને છ મહિનાની કેદ

રાજકોટઃ ચેક રિટર્નના કેસમાં આરોપી દીપક જીવનભાઈ રામાવતને અદાલતે છ મહિનાની કેદની સજા ફટકારી છે.કેસની વિગત મુજબ, શહેરમાં આવેલી શ્રી અવધુત ક્રેડીટ કો-ઓપ.સોસાયટી લી.ના સભાસદ દરજ્જે દીપક રામાવતે લોન લીધી હતી.જેના હપ્તા ચડી જતા બાકી રકમ ચુકવવા ચેક આપ્યો હતો આ ચેક રિટર્ન થતા મંડળી તરફથી નોટિસ પાઠવવામાં આવેલી, નોટિસ બજી ગયા છતાં આરોપીએ રકમ ન ચુકવતા મંડળીના મેનેજર જયભાઈ એમ.નિમાવતે રાજકોટની કોર્ટમાં ચેક રિટર્નની ફરિયાદ નોંધાવી હતી.કેસ ચાલી જતા મંડળીના વકીલ સતિષ દેથલીયાએ કરેલી દલીલો અને ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ ન્યાયાધીશ બી.કે.દસોંડીએ આરોપી દીપકને છ માસની જેલની સજા અને ૧ માસમાં રકમ ચુકવવા હુકમ કર્યો છે.આ કેસમાં મંડળી વતી એડવોકેટ સુભાષ પટેલ, સતિષ દેથલીયા અને સહાયક રમેશ સોલંકી રોકાયેલ હતાં.

# શ્રમિકે વૃક્ષ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો

રાજકોટઃ યુનિવર્સિટી રોડ પર શ્રમિકે વૃક્ષ સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. મૃતક ભરતભાઈ રાઠોડ પરિવારથી અલગ રહેતા હતા, આપઘાતનું કારણ જાણવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.બનાવની વિગત મુજબ, ભરતભાઈ ગીધાભાઈ રાઠોડ (ઉ.વ. ૫૦, રહે.ગંગોત્રી મેઈન રોડ, સમ્રાટ હોસ્ટેલની સામે યુનિવર્સિટી રોડ પર ઝૂંપડામાં) આજે સવારે તેઓ પોતાના ઝુંપડા પાસે હતા ત્યારે બાવળના ઝાડમાં દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. આડોશ-પાડોશમાં રહેતા લોકોનું ધ્યાન પડતા તુરંત ભરતભાઈને નીચે ઉતારી ૧૦૮માં જાણ કરતા ૧૦૮ના ઈએમટીએ જોઈ તપાસી મૃત જાહેર કરેલ. યુનિવર્સિટી પોલીસે જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહ પીએમ અર્થે સિવિલ હોસ્પિટલના પીએમ રૂમમાં ખસેડ્યો હતો.પરિવારજનોની પૂછપરછ કરતા મૃતકના ભાઈ ગુલાબભાઈએ જણાવ્યું હતું કે, ભરતભાઈ છૂટક મજૂરી કરતા હતા. તેઓ એક વર્ષથી પોતાના પરિવારથી અલગ રહે છે.